તેમની સામાજિક એકાંકીઓમાં ગ્રામજીવન અને શહેરી જીવનનું આલેખન કેન્દ્રસ્થ છે. તેમાં રજૂ થતી પાત્ર સૃષ્ટિ પણ વિવિધ વ્યાપક ને જીવંત કોટિની લાગે છે. તેમાં ગ્રામજીવનનાં નીચલા થરનાં, અબુધ ભોળા, નિરક્ષર ને દલિત લોકો છે તો શહેરનાં ભદ્રવર્ગીય સુસંસ્કારી શિક્ષિત યુવક, યુવતીઓ, કવિઓ, લેખકો છે. તથા દેશની આગ્રહી માટે ઝૂઝતાં ભાવનાશાળી સૈનિકો છે. તો આઝાદી પછી બની બેઠેલા પ્રધાનો, લોકનેતાઓ પણ છે. આમ વાસ્તવજીવનને આદર્શ જીવન બેઉનું પ્રતિબિંબ ઝીલતાં વૈવિધ્યસભર પાત્રો તેમણે સર્જ્યા છે. તેઓનાં આંતર બાહ્ય સંઘર્ષપૂર્ણ જીવનનું તેઓ કલાત્મક સૂચક, સંયમિત ને તટસ્થતાપૂર્વકનું આલેખન કરે છે.

તેમનાં એકાંકીઓ હળવા ને હાસ્યરસ પ્રધાન તેમ જ ગંભીર અને કરૂણરસ પ્રધાન છે. ગામડામાં ઘર કરી બેઠેલી મલિનતાનું સાચુકલું તાટસ્થ્યપૂર્વક કરૂણગર્ભ વાસ્તવદર્શન કરાવતા એકાંકીઓમાં રજૂ થતું ગામડું અને સમસ્ત ગ્રામીણજીવન હર્ષ કરતાં ગ્લાનિ, ખેદ, ગમગીનીનો વધુ અનુભવ કરાવે છે તેથી તે એકાંકીઓ મોટે ભાગે કરૂણગર્ભ બન્યાં છે તેને લઈને 'સાપના ભારા' એકાંકી સંગ્રહની મોટાભાગની એકાંકીઓ કરૂણરસ પર્યાયી બન્યાં છે.

બધાં એકાંકીઓનું વિશ્લેષણ કર્યા પછી આપણે એ નિષ્કર્ષ તારવી શકીએ કે ઉમાશંકરના એકાંકીઓમાં પહેલી જ વાર લોકબોલીનો પ્રયોગ શરૂ થાય છે. ગામડાંની લોકબોલી ગ્રામ-વાતાવરણને ખડું કરવામાં ઉપકારક નીવડી છે. માનવીઓના બોલચાલની વિવિધ ભંગીઓ, લહેકા, લટકા ને વાંકવળાંકો યુક્ત સંવાદો, ટૂંકા, માર્મિકને વેધ બન્યા છે. પાત્રની સ્પષ્ટ રેખા આકૃતિ કંડારી કાઢવામાં મહત્વનો ભાગ ભજવે છે.

તેમનાં એકાંકીઓમાં પાશ્ચાત્ય એકાંકીઓના વિશિષ્ટ કલાતત્વોનો સુભગ સમન્વય થતો રહે છે. તેમનાં મોટા ભાગના એકાંકી એક જ અંકમાં આલેખતા સુગ્રથિત રૂપનાં છે. ઘણીવાર તેમાં અનેક દશ્યો ને અંકોની યોજના પણ થતી રહે છે.

ઉમાશંકરના સારાં એકાંકીઓમાં કુતૂહલપ્રેરક આકર્ષક પ્રારંભ, ક્રમિક વસ્તુ વિકાસ દ્વારા સધાતી પરાકાષ્ઠા, પાત્રો અને વાતાવરણ વચ્ચેનો બાહ્ય સંઘર્ષ તો પાત્રની મનોભૂમિમાં ચાલતો આંતરસંઘર્ષ વ્યંજનાપૂર્ણ વેધક અને સ્વભાવિક મર્માળા સંવાદો, વ્યક્તિના સંઘર્ષમાંથી જન્મતી અને નાટકના ધ્વનિરૂપે અનુભવાતી માનવજીવનની કરૂણ અને સમગ્ર એકાંકીમાં વ્યાપ્ત એવી કવિ હૃદયની આદ્રતા તુરત જ કળાઈ જાય છે તેને લઈ તેમનાં એકાંકીઓ પૂર્વેના એકાંકી કરતાં વસ્તુ, પાત્ર, પ્રસંગ ને પરિસ્થિતિ નિરૂપણની દૃષ્ટિએ જુદા તરી આવે છે. તેમ જ ગુજરાતી ભાષાના એકાંકીઓને સુઘડ રૂપ અર્પે છે.

શિષ્ટ પ્રવાહી પ્રાસાદિક શૈલી અને લોકબોલીની અભિવ્યંજનાશક્તિ બેઉનો કલાત્મક યોગ ઉમાશંકરના એકાંકીઓમાં પહેલીવાર સધાય છે તેટલું તેનું મૂલ્ય અદકેરું નીવડે છે.

સંદર્ભ સૂચિ

(૧) 'સાપના ભારા' - ઉમાશંકર જોશી

(૨) ગુજરાતી સાહિત્યની વિકાસરેખા - ધીરુભાઈ ઠાકર

(૩) ગાંધીયુગનું ગુજરાતી સાહિત્ય - ચુનીલાલ ગાંધી

(૪) આપણાં સાહિત્ય સ્વરૂપો - મફત ઓઝા

(૫) યુગ દ્રષ્ટા ઉમાશંકર - ચંદ્રકાન્ત શેઠ, ધીરુ પરીખ, રઘુવીર ચૌધરી, ભોળાભાઈ પટેલ

(૬) કવિનો શબ્દ - સુરેશ દલાલ

❑❑❑

ગુજરાતી કવિતા અને 'કાગળને પ્રથમ તિલક' કાવ્યસંગ્રહ

Ms. Sejal Shah

કવિતા એવું જીવનતંત્ર છે, જેની ગતિવિધિ સમજવી અકળ છે. અ સંદર્ભમાં કોલરિજનું આ નિરીક્ષણ મહત્વનું છે, "Poetry gives most pleasure when only generally and most perfectly understood.' કવિતા તરફથી આપણી ગતિ, કોઈક ચોક્કસ અપેક્ષા સાથેની હોય છે. સર્જકની મનોભૂમિમાંથી પ્રગટેલી અને આપણા સુધી પહોંચી, પ્રગટતી કૃતિ આપણી અંદર એક ચોક્કસ રસાનંદ ઉત્પન્ન કરે તેમાં ભાવકની સમજ અને સર્જકનું કર્તૃત્વ બંને કાર્ય કરે છે. સમયાંતરે આ અકળ લેખાતી કળાકૃતિમાંથી જ જીવન, સમાજ, સંસ્કૃતિ, માનવ સંવેદનને લગતા અનેક રહસ્યો સ્ફૂટ થતા રહે છે. એક સારી કળાકૃતિ ભાવક હૃદયના આનંદનું નિમિત્ત પણ બને છે. આ ભાવક રસાસ્વાદની પ્રક્રિયામાં વ્યક્તિગત વિધ્નો જુદા રહેવાના પણ અમુક ખ્યાલો, માનસિક વળગણો, સાચી સમસંવેદનાની ક્રિયામાં અવરોધરૂપ બને છે. કવિતા એવાઓની આગળ પોતાનું હૃદય ખોલતી નથી. કૃતિના પુનઃસર્જનને શક્ય બનાવતું વિવેચકનું ચિત્ત ઓછામાં ઓછું સર્જકના ચિત્તની જેમ વેદનાશીલ અને ગ્રહણશીલ હોવું જોઈએ.

કવિતાને આપણે કાનની કળા કહીએ છીએ, એમાં અવાજનું આગવું મહત્વ છે, પણ કાવ્યના આસ્વાદમાં એકલો અવાજ જ મહત્વનો નથી, અવાજ દ્વારા જે અર્થબોધ થાય છે, જે ઊર્મિ અસરો ઉદભવે છે, તે મુખ્ય બાબત છે. ડેગાસ પરના પોતાના પ્રસિદ્ધ પત્રમાં સ્ટીફન માલાર્મેનું પેલું જાણીતું કથન યાદ આવે છે, "Poetry is made not with ideas but with words', કવિતા એ વિચારો નહીં પણ શબ્દો વડે રચાય છે. અન્યત્ર તેમણે કહેલું, ''શબ્દો એ ઐન્દ્રિય અનુભૂતિ સાથે સંકળાયેલી ઘટના છે.'' એને વિશે ચર્ચા કરતાં કવિ મૅકલીશ કહે છે કે કવિતામાં માત્ર શબ્દોના વર્ણોનું જ નહિ પણ શબ્દોના અર્થોનું પણ પૂરતું મહત્વ છે, અર્થાત્ કાવ્યાર્થની સિદ્ધિમાં વર્ણરચના જ મહત્વની નથી, અર્થોની રચનાનું પણ એમાં મહત્વ છે કારણ કે શબ્દાર્થો માત્ર વિચારદર્શક નથી પણ ભાવદર્શક પણ છે. માલાર્મેના આત્યંતિક મતની સામે કવિતામાં શબ્દો દ્વારા જે ભાવ નિરૂપિત થાય છે તેને સંબંધિત વર્ણરચના પૃષ્ટ કરે છે, કેવળ નિરપેક્ષ વર્ણરચનાનું કાવ્યમાં કોઈ મહત્વ ન હોઈ શકે એ એણે સ્પષ્ટતાથી નિર્દેશ્યું છે.

છેલ્લી પચ્ચીશીમાં દુનિયાભરના કવિઓની કવિતામાં જે હતાશા, ભગ્નાશપણું અને નિઃસહાયતા જોવા મળે છે તે જ છેલ્લા દશકના ગણનાપાત્ર ગુજરાતી કવિઓની રચનામાં દેખાય છે. સાંપ્રત ચેતનાને વાચા આપનારા કવિઓની અછાંદસ કવિતાનું માધ્યમ ખૂબ અનુકૂળ આવેલું છે. કૃતક ગદ્ય કવિતાનો ધસમસતો પ્રવાહ આપણે છેલ્લાં વર્ષોમાં જોયો છે. દરેક જમાનામાં પ્રયોગશીલતાને નામે અધકચરી અને વિરૂપ વસ્તુઓના ફાલની ક્યારેય પણ કમી હોતી નથી. જીવનનું સ્વરૂપ, એના અનુભવો અને એ અનુભવોનો અભિવ્યક્તિ સાથેનો સમન્વય મહત્વનો છે. અર્થ દૃષ્ટિએ અસંગત એવી પંક્તિઓની ગોઠવણીથી કાવ્ય થતું નથી. પોતાના 'રાઈટિંગ' નિબંધમાં W. H. Oden કહે છે, "A Poet has to woo not only his own muse but also Dame Philology, and for the beginner, the latter is the more important.' પદ્યને 'મુક્ત' રીતે પ્રયોજનારને તેણે રોબિન્સન ફ્રાને સાથે સરખાવ્યો છે, જે વેરાન ટાપુ ઉપર રસોઈ, ઈસ્તરી અને કપડાંને રફૂ કરવાનું જાતે જ કરે છે! અછાંદસના પરિણામ તરફ નજર કરતા, લાભશંકર, રાધેશ્યામ,

સિતાંશુ, વિપિન પરીખ, મુકેશ વૈદ્ય, સુરેશ દલાલ, ચંદ્રકાન્ત શેઠ, પન્ના નાયક, જગદીશ વગેરે નોંધપાત્ર પરિણામ સર્જી શક્યા છે,

આજે ભરભર શિયાળાના

પીળા રણમાં

ઝંખું છું

ગુલમહોરની ઝૂમતી -વાળનો સ્પર્શ

પછી

હું ખુદ વસંતપંચમી.

કવિતા લાઘવની કલા છે, પ્રાસ કે અનુપ્રાસની તડજોડમાં પડ્યા સિવાય પણ અનુભૂતિનો સ્પર્શ આપી શકાયો છે. પરંપરા સાથેનો વિચ્છેદ ગુજરાતી કવિતાના વિકાસ તબક્કાઓ જોતાં અનિવાર્ય જેવો છે. મોટાભાગની કવિતા દેખાદેખીથી અને ફેશન પરસ્તીની રીતે લખાતી જોવા મળે છે. અનુભૂતિનું મૂલ્ય ઓછું થયું છે અને માત્ર રૂપવિધાનનો મહિમા કરવા પાછળ કવિતાએ દોટ મૂકી છે. સાહિત્યે લોકપ્રિય થવું જોઈએ એવા કોઈ અભિગ્રહથી નહિ, પણ કવિતા વિદગ્ધ ભાવકોને સંતર્પી ન શકે એવી પરિસ્થિતિ તો ઈષ્ટ ન જ ગણાય. માત્ર શબ્દરમત કે ભૌમિતિક તરેહ એ કવિતા નથી, એ વાતનું સ્મરણ કરાવવું પડે એ દુઃખદ છે. એકનાં એક કલ્પનો કે શબ્દ ઝૂમખાં વાપરવાથી કવિતા પ્રયોગશીલ થઈ ગઈ એવા ભ્રાન્ત વલણમાંથી જેટલું વહેલું નીકળી શકાય એટલું કવિતાના લાભમાં છે.

ગુજરાતી કવિતા વિષયક આ કેટલીક ભૂમિકાની વાત કર્યા પછી કાવ્યસંગ્રહ 'કાગળને પ્રથમ તિલક' કાવ્યસંગ્રહ તરફ એક નજર કરવી છે. પ્રત્યેક કૃતિને આપણે માણી શકતા નથી પરંતુ ઉત્તમ રચનાઓના પરિશીલનથી વિવેક અને સુરુચિનું ઘડતર થાય છે. રસ્કિનને યાદ કરીએ, 'કલાના ઉત્કર્ષ માટે બલિદાન જોઈએ, અને તેને ઝીલવા તેમનાં હૃદય.' અધ્યાપન દરમ્યાન ભણાવાતી કૃતિ ગુજરાતી ભાષાનું પ્રતિનિધિત્વ કરતી હોય છે, કોઈ એક કાવ્યસંગ્રહ દ્વારા વિદ્યાર્થી ઘણીવાર તેના મનમાં સમગ્ર ગુજરાતી કવિતા વિશે ધારણા બાંધતો હોય છે, જે તે કૃતિમાં તેને પડતાં રસને આધારે તે પછી સાગરના ઊંડાણમાં ડૂબકી મારવાનું નક્કી કરતો હોય છે.

આજે વિવેચકોની પરવા કર્યા વગર ચારે તરફ ગુજરાતી કવિતાઓ ફાલી રહી છે. પરંતુ 'આ દાયકા પૂર્વે (દસમા દાયકા પૂર્વે), ગુજરાતી કવિતા મંદપ્રાણ બન્યાના અનેક નિર્દેશો આપણા જાગ્રત વિવેચકોએ કર્યા હતા.' ભાષા અને લાગણીની ક્રીડા માનવીના મનમાં પડઘાયા કરે છે, લયબદ્ધતાનો આનંદ લેવો સૌને ગમે છે, પરંતુ આ કવિતાઓ ગુજરાતી કવિતાનું પ્રતિનિધિત્વ કરે ત્યારે ચિંતા જન્મે છે. અહીં રસશાસ્ત્રના નિયમો માનતા અને ન માનતા, એમ બે પક્ષ પાડી શકાય પરંતુ સાહિત્યના ધોરણોની ચિંતા કરતી વખતે યુક્તિ પ્રયુક્તિઓ શોધી છટકવાનું ન હોય. લોકપ્રિયતાના ધોરણોને આધારે સાહિત્યના ધોરણો બાંધી ન શકાય. અનેક ધારાઓ એક જ સમયે હોય પરંતુ એક ચોક્કસ ધારાને આધારે, ચોક્કસ કવિતાઓને માથે ન ચડાવતાં, તો વ્યક્તિપ્રેમ કરતાં સાહિત્યપ્રેમને મહત્વ આપવું જોઈએ.

લયમાં લખો એટલે ગીત, થોડુંક ગદ્ય જેવું એટલે અછાંદસ, પછી ગઝલના જાળવી લેવાના છંદો, આવી ભ્રમણા ઊભી થાય તો હવે નવાઈ ન પામતા, કારણ... મુંબઈની પ્રજાને એના ચસોચસ સમયમાં કોઈ ઘરે આવીને પછી વિચારવાનું કહે તો પરવડે નહીં. પછી તો ખુશમિજાજ અને લપસણા શબ્દો જ જોઈએ, એ કામ કેટલાંક ભજવાતાં ગુજરાતી કોમર્શિયલ નાટકો પછી હવે જાણે કે કવિતાએ ઉપાડી લીધું હોય, એવું લાગે છે. મહેફિલોમાં લયની તરન્નુમ અને શબ્દોની રમત જ કવિતાનું સરનામું બની ગયું હોય, એવું ક્યારેક લાગે છે.

'કાગળને પ્રથમ તિલક' કવિ મુકેશ જોષીનો પ્રથમ કાવ્યસંગ્રહ. મુંબઈ સ્થિત કવિ, કવિતા, ગઝલ પ્રત્યેની લાગણી પોરબંદરના કૉલેજકાળથી લઈ આવ્યા, મુંબઈ આવ્યા પછી વતન છોડ્યાનું દુઃખ અને મુંબઈ આવ્યાનો આનંદ અને તેમાં જાણીતા સાહિત્યકારોના પ્રોત્સાહનથી કવિ અજવાળાની મુઠ્ઠી રૂપે તેમની કવિતા આપણી સમક્ષ મૂકે છે. પ્રસ્તુત સંગ્રહમાં કવિએ ૭૮ ગીત, ૧૮ ગઝલ અને ૫ આછાંદસ રચનાઓ મૂકી છે. આ કવિ મુંબઈની પ્રજાને પ્રિય અને શબ્દોને કલમમાં રમાડતા કવિ છે. ગીતમાં લય પર તેમનો જબરો કાબુ. પ્રેમ, ઈશ્વર અને માણસજાતિ વિશે તેમના વધુ કાવ્યો સંગ્રહમાં છે. લોકોને શું ગમશે તેની બરોબરની પરબ અને તેવું જ પીરસનારો, ભીડને કાબુમાં કરનારો મુંબઈનો કવિ.

પ્રસ્તુત સંગ્રહમાં કવિએ તેમના કોઈપણ કાવ્યોને શીર્ષક જ નથી આપ્યા. જે કાવ્યમાં રહેલી ભાવ, સંવેદનની સામ્યતાને કારણે હોઈ શકે. સંગ્રહનું પ્રથમ કાવ્ય જ,

'મા. મને કક્કો શિખવાડ

મારા તો ભાઈબંધ વાંચી બતાવે છે

પાનખરે ઊગેલાં ઝાડ... મા મને.'' (પૃ. ૩)

જેમાં ગીતમાં પ્રગટેલો લય તમને જકડી રાખે છે અને કવિ વિરોધાભાસ પણ સુંદર રીતે ઉપજાવી જાણે છે, પાનખર અને ઝાડ, ફૂલ અને વાડ, તૃણ અને પહાડ જે અર્થવિન્યાસને બદલે રોમાંચ ઊભો કરે છે, સુરેશ દલાલે જેમને આજની પેઢીના મહત્વના ગીત કવિઓમાં ગણ્યા છે તેવા મુકેશ જોષીની કેટલીક સુંદર ગીત રચનાઓ જેમાં યુવાનીનો રોમાંચ, પ્રેમનો ભીનો સ્પર્શ અનુભવાય છે તેવી,

'ખોટું ન લાગે તો વાત એક કહું

હું થોડા દિવસ હવે તારામાં રહું? (પૃ.૨૩)

આ સુંદર ઉપાડ પછી કવિ પાસે એ રોમાંચ યથાવત રહે અથવા વધુ સુંદર બને એવી અપેક્ષા રખાય છે પણ કવિ વાચાળતામાં સરી પડે છે.

મારી હથેળી પછી પગ તારો પડશે.

ગીતની મુગ્ધતાને આવી મુખરતા હાનિ પહોંચાડે છે,

પછી એ જ ગીતમાં આગળની પંક્તિ,

'મને સાચકલે મારામાં ફાવતું નથી,

આમ ટીપાની ધાર બની ક્યાં સુધી વહું?

હું... (પૃ. ૨૩)

ગીતને એના મૂળ ભાવમાં મૂકી આપે છે.

કવિનો લય અને પ્રાસ ઉપરનો કાબૂ અને ગીતમાં પાછું સંબોધન, ગીતને સારો ઉપાડ આપે છે, 'અલ્યા' શબ્દનો ગ્રામીણ લહેકો અને પછી આગળ આવતા શબ્દોમાં 'ખપનું' પછી 'તપનું' અને 'તડપનું' આપણને પ્રાસાનુભૂતિ ઠરાવે છે. ગીતમાં માત્ર લય, પ્રાસ, સંગીતના તત્વોને આધારે ગીતને પ્રમાણવાનું હોય તો અહીં એ પાર ઉતરે પણ ખરું પણ ભાવસૌંદર્ય અને કળાગત પ્રશ્નો તો આપણને ઉપજે જ છે, મુખરતાથી આગળ કવિતા જતી જ નથી, પ્રેમની તડપ, સ્વપ્નો, સામાન્ય અનુભૂતિની યાદીમાં જ ગીત કુંઠિત થઈ રહી જાય છે. કવિમાં જોવા મળતી ભાષાની સાદગી અને ક્યારેક આવા પ્રયત્નમાં એકાદ સુંદર ધ્વનિ પ્રગટાવતું ગીત પણ આખા સંગ્રહ દરમ્યાન મળી જાય છે,

તમે કોઈ દિવસ પ્રેમમાં પડ્યા છો?

એકાદી મુઠ્ઠીનું અજવાળું આપવા

આખીય જિંદગી બળ્યા છો? (પૃ. ૩૫)

પરંતુ આવી પંક્તિઓ અપવાદરૂપ જ મળે છે, મુઠ્ઠીનું અજવાળું અને એ માટેની આખી જિંદગીભરની બળતરા તો પ્રેમી જ સહન કરે અને એ અનુભૂતિ પણ પાછી પ્રશ્નરૂપે રજુ થાય છે. આખા ગીત દરમ્યાન એક યાદી રૂપી પ્રશ્નો રજૂ થાય છે, જેનો મૂળ ભાવ તો એ જ પ્રથમ પંક્તિને જ પુનરાવર્તિત કરે છે. આમ તો આખા ગીતમાં ક્યાંય ગતિ નથી પણ આ ગતિવિહિનતા બહુ કઠતી નથી. મૂળભાવને ફરી ફરી ઘૂંટવાનો કવિનો ઉપક્રમ હશે અને આગળ કહ્યું એમ પ્રથમ પંક્તિના ઉપાડ પછી કવિ એ માધ્યમ જાળવી શકતા નથી પણ ભાવની વિશિષ્ટતા ગીતને સુંદરતા બક્ષે છે એટલે બાકી બધું બાદ કરી શકાય.

ગુજરાતી કવિતામાં કન્યાવિદાયની સુંદર પરંપરા છે. કવિ મુકેશ જોષી પણ આ વિષયને સ્પર્શવાનું ચૂક્યા નથી. આ ભાવને વ્યક્ત કરવા એ જ પરંપરાગત દાદા, પાનેતર, ઢોલ, ગામ, પાદર વગેરે તો આવે જ છે. ભાવસંવેદનને ઝંકૃત કરતી કેટલીક પંક્તિ જે દીકરીના હૃદયની ભાવનાને વ્યક્ત કરે છે,

'બાપુના હુક્કામાં તંબાકુ ભરવાનું, બાને કહેવાનું હતું બાકી...' (પૃ. ૪૬)

અને કાવ્ય તો ખરેખર અંતિમ પંક્તિથી શરૂ થાય છે,

'ગોરમાને પાંચ પાંચ વરસોથી પૂજ્યાં, ને ગોરમા જ નાવને ડુબાડે,

મારું બચપણ ખોવાયું એ જ દા'ડે.'

આ વ્યંજના કાવ્યને ઉઘાડ આપે છે. આ પંક્તિ ભાવકની અંદર પ્રશ્ન જન્માવે છે, 'ગોરમા નાવને ડુબાડે' દ્વારા કવિને શું અભિપ્રેત છે? કન્યા આ લગ્નથી આનંદિત નથી કે પછી આ લગ્ન ઉંમરમાં વહેલા થયા છે, વગેરે વગેરે.

કવિના ગીતોમાં ગીતકાવ્યનો ઉઘાડ સુંદર રીતે થયા પછી તેને આગળ વધારતા આગળની પંક્તિઓમાં ગીત તૂટે છે, સુચિ લંબાતી જાય છે, એક સરખી ભાવઅનુભૂતિ અને કવિ એક વર્તુળમાં ફરી રહ્યાં હોય તેવું લાગે છે. કવિતામાં શબ્દોનું પુનરાવર્તન પણ જોવા મળે છે,

'અમ કાગળ લખ્યો'તો... (પૃ. ૬)

'અમે શ્વાસ ભરીને... (પૃ. ૭)

પ્રિય પ્રિય દરિયાજી... (પૃ. ૪૭)

જેવા કેટલાય ગીતોમાં ગતિ નથી. 'આજે તારો કાગળ મળ્યો' (પૃ. ૧૦)ની પંક્તિ, 'ગોળ ખાઈને સૂરજ ઊગ્યો એવો દિવસ ગળ્યો', આમ લાગણીને પ્રતીક દ્વારા મૂકીને પછી તેનું વ્યાજબીપણું જળવાતું નથી. આવી ઉપમાઓ બીજી કેટલીક જુઓ,

'કાગળના જેવી ઉધાઈ ગઈ રે, સાવ માણસની જાત' (પૃ. ૧૭)

'તારી ચોકલેટી ઈચ્છા... (પૃ. ૩૯)

કવિએ બોલચાલની ભાષાનો વિશેષ પ્રયોગ કર્યો છે, ક્યાંક પ્રગટતા તળપદી શબ્દો ફેશન અનુકૂળ બની રહે છે. ખૂબ જ સામાન્ય એવી શબ્દોની પદાવલી, મેઘધનુષ જેવા ઉમંગો, લાગણીઓના પીંછા, યાદોની ડમ્મરી, પીળો તડકો, આકાશી સૂરજ નવીન ભાવસૌંદર્ય જગાડતા નથી. આમ તો સુરેશ દલાલ કવિ માટે કહે છે, 'લાગણીઓનાં પીછાંમાંથી મોર ઊભો કરવાની કળા મુકેશ પાસે છે... એની કવિતા આપણને વરસાદની જેમ બાઝી પડે છે.' વરસાદનું ગમવું સ્વાભાવિક છે પણ વરસાદની ભીનાશ અપ્રત્યક્ષરૂપે અનુભવાય, હૃદયના કોઈ ખૂણે એ સતત મમળાવાનું મન થાય, એમાં કંઈક નાવીન્ય પ્રગટે એવી કવિતાઓ બાઝી પડે છે, કવિના આ સંગ્રહમાંથી કવિતા વાંચતા તો એવું નથી અનુભવાતું. લાગણીને સ્પર્શ્યા પછી કવિ એના ઊંડાણનો અનુભવ નથી કરાવી શકતા. સામાન્ય વિષયોને હળવી સાંવેદિક ભૂમિકામાં મૂકી આપણી ગળચટ્ટી લાગણીઓને જગાડે છે અને તેથી કંઈક સુવાળું હૃદયને સ્પર્શ્યા જેવું લાગે છે સાથે જ તે યાદગાર ભૂમિકાએ કંઈક નવીન હોવાની તાજપ મૂકી જતું નથી.

'તારામાં હ-જારો યુદ્ધો લડવાની છે...' (પૃ. ૩૮)

'પર્વતના મનમાં ન હોય કેમ ચિંતા...' (પૃ. ૪૪)

'તું કદી સામે મળે ત્યારે...' (પૃ. ૪૦)

'ચાલો પેલી પાર...' (પૃ. ૨૬)

કવિતામાં કળાગત તત્વ શોધવું પડે છે સ્મરણોનું આલેખન કરતાં કે દાર્જિલિંગની અનુભૂતી આલેખે છે માટે દાર્જિલિંગના શીર્ષક સાથે કે શિક્ષકની નિવૃત્તિ વિશે શીર્ષક દ્વારા સ્પષ્ટતા કરે છે. કવિ સરળતા-સહજતા કે પછી મનોરંજનાત્મક 'ટોન' ઊભો કરવામાં એટલા પડી ગયા છે કે 'ઝરણાંઓ માટે લઈ જાશું બિસ્કીટ... (પૃ. ૫૦), 'ચ્યુંઈગમ', 'મિસરી', 'રવિ-સોમ', 'દૂધ-મલાઈ'નું એક વિશ્વ ઊભું કરે છે, નથી આ બાળગીત બનતા કે નથી ગીત, માત્ર ખેદની લાગણી જન્માવે છે. કવિના એકાઉન્ટ દિમાગનું પ્રતિબિંબ,

'સૂરજ એના ભાગનો ઈન્કમટેક્સ ભરે છે...' (પૃ. ૭૨)

માં જોવા મળે છે, પણ નાવિન્યમાં એનું રૂપાંતર થતું નથી. શબ્દોની રમત અને ટુચકા જેવી લાગણીની અનુભૂતિ મહેફિલોને સજાવી શકે પણ આંતરિક વિશ્વ તો ખાલીપાની અનુભૂતિ જ કરે છે. સંગ્રહમાંની એક ધ્યાનાકર્ષ ગઝલ,

કૈંક ચોમાસા અને વરસાદ રાધા,

એક રાતે કૃષ્ણમાંથી બાદ રાધા. (પૃ. ૯૧)

આમ જોઈએ તો સૌન્દર્ય, કલા, રસ, આનંદ એ અમૂર્ત અને છટકણા સમ્પ્રત્યયો છે, એ શાશ્વત ચર્ચાના વિષયો રહ્યા છે. તે દરેકની અનુભૂતિ એટલી સન્નિકટ અને વ્યાપક રૂપે થતી હોય છે કે આપણે તેની પ્રતીતિરૂપ વ્યાખ્યા બાંધવાનો પ્રયત્ન કરીએ છીએ. કવિશ્રી ઉમાશંકર પહેલા જ કાવ્યમાં કહે છે કે,

'સૌન્દર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે

અંગ્રેજ કવિ કીટ્સ કહે છે -

A thing of beauty is a joy for ever.

આ આનંદ, રસ સંગ્રહ વાંચતા અનુભવાતો નથી. વાચાળતા, મુખરતામાં સરી પડેલી રચનાઓમાં, આ જ સંગ્રહમાં કેટલીક ગઝલો અને અછાંદસ રચનાઓ પણ મળે છે, જેમાં પણ આ જ પ્રશ્નો ઉદ્‌ભવે છે. જેટલું નાવિન્ય તેટલું સારું કે ઉત્તમ તો નહીં જ, એટલે નવાનક્કોર કવિ કહી આપણે તેમને સમભાવપૂર્ણ આવકાર તો ન આપી શકીએ, ગુજરાતી કવિતાનું પ્રતિનિધિત્વ કરતી રચનાઓ જ્યારે વિદ્યાર્થી ભાણતાં હોય ત્યારે આપણે આવી કવિતાનો સ્વીકાર કરીએ તો આપણી રસ અને રુચિને શું થયું છે એ પ્રશ્ન તો જન્મે જ! કવિ ભલે સાંપ્રત વહેણ કે પ્રશ્નોને ન સ્વીકારે પરંતુ રમેશ પારેખ કે અનિલ જોશીની પરંપરાને આગળ વધારતા કહી શકાય કે નહીં, એ પ્રશ્ન પણ થાય છે. ગીત માત્ર લય કે સુંવાળી ભાવનાઓથી પણ ઉપર છે, થોડીક સારી પંક્તિઓ અન્યની વચ્ચે દળાય જાય તે કરતાં પાતળો કાવ્યસંગ્રહ વધુ યોગ્ય! આપણે 'કવિતા' સાહિત્ય પદાર્થને નામે કેટલું ચલાવી લેશું અને કેટલું ચલાવી લેવું પડશે? વિવેચનના માપદંડો કાવ્યને મારવા માટે નહીં માણવા માટે છે, વધુ સારી રીતે પામવા માટે છે, પણ કડક વિવેચનને આપણે ફગાવી દઈ ક્યાં સુધી અવગણશું? બધું જ સ્વીકારી લેવાની ભૂલને કારણે ક્યાંય આપણે સારી કૃતિને અન્યાય તો નથી કરી રહ્યા ને? આપણા માનવસંબંધો, પ્રેમ કોઈને, કોઈની સર્જનશક્તિને વધુ આત્મવિશ્વાસી બનાવી હાનિ તો નથી પહોંચાડી રહ્યોને?

બંધ ન બેસતા અંત્યાનુપ્રાસ, પુનરાવર્તન, પ્રતિકો વાપરવાનો અસફળ પ્રયત્ન, ગુજરાતી ગીતનું ભાવિ આ કઈ દિશા તરફ, એવો એક પ્રશ્ન મનને મુંઝવે છે. 'ગુજરાતી સાહિત્યનો દસમો દાયકો'માંથી એક મુદ્દો મૂકી વિરમું છું, 'આ પ્રકારની કવિતાને પોંખીને-પોષીને આપણે ગુજરાતી કવિતાની-ભાષાની ને પ્રજાની પણ કુસેવા કરી રહ્યા છીએ.' (પૃ. ૧૬ ગુજરાતી સાહિત્યનો દસમો દાયકો)

મહેફિલો અને મુંબઈનો લાડલો આ કવિ આપણને તેમની કેટલીક સુંદર અપવાદરૂપ રચનાઓ જેવી રચનાઓ વધુ આપે અને વિવેચકોને તેમનો મત બદલવા મજબૂર કરે તેવી અપેક્ષા સાથે વિરમીએ.

સંદર્ભ-ગ્રંથો

(૧) ગુજરાતી સાહિત્યનો દસમો દાયકોઃ મુખ્ય સંપાદકઃ ભોળાભાઈ પટેલ
(૨) ગુજરાતી કવિતાચયન ૨૦૦૨ : સંપાદકઃ રમણીક સોમેશ્વર
(૩) ગુજરાતી કવિતાચયન ૨૦૦૩ : સંપાદકઃ નીતિન મહેતા
(૪) કળા, સાહિત્ય અને વિવેચન : પ્રમોદકુમાર પટેલ
(૫) કવિતાનું સ્વરૂપ : નલિન રાવળ
(૬) અસ્યા : સર્વવિદ્યો : સિતાંશુ યશશ્ચંદ્ર
(૭) કવિતા તરફ... : સુરેશ દલાલ

❑❑❑

મધ્યયુગીન મરાઠી કવયિત્રીઓ: એક નોંધ

Dr. (Ms.) Nutan Jani

ભારતના પ્રત્યેક પ્રાંતમાં ભક્તિ, ધર્મ, અધ્યાત્મ, આત્મન્નોતિ અર્થે મધ્યયુગમાં (મરાઠી મધ્યયુગીન સમયખંડ ૧૩મી સદીથી ૧૭મી સદી સુધીનો) જે સાહિત્ય રચાયું તે સંત સાહિત્ય તરીકે ઓળખાવાયું છે. સંતવાણી શુષ્ક, ધીરગંભીર, ચિંતનાત્મક ન બની રહેતાં સૌંદર્યસભર મધુરા ભક્તિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ બન્યું છે. સંત સાહિત્ય ભારતીય વિચારશૈલીનું સંચિત છે, ભારતીય ધર્મસંસ્કૃતિનું વાહક છે, ભારતીય ધર્મપરક જીવન પરંપરાનું ગરવું નજરાણું છે. આ સંતવાણીમાં સંતત્વ અને કાવ્યત્વ ઉભયનો સંગમ થયો છે. તત્કાલીન પ્રજાને શ્રદ્ધાનાં પયપાન કરાવી, ધર્મમૂલક બનાવી જીવનને ઉર્ધ્વસ્તરે મૂકી આપવાનું માર્ગસૂચક કામ સંતસાહિત્યએ કર્યું છે. મન, વાણી, કર્મના સદાચારથી સત્વના સાક્ષાત્કારની અનુભૂતિ કરનાર વ્યક્તિ વિશેષ તે જ સંત. આવા સાધુપણાના ગુણવિશેષમાં સર્જકત્વ ભળે ત્યારે સંતકવિ મળે. સંતોની વાણીમાં વર્ણભેદ કે લિંગભેદનું કોઈ સ્થાન નથી એ મહત્વની બાબત છે. માટે જ દરેક વર્ણ અને લિંગની વ્યક્તિઓ સંતવૃંદના ફલકમાં નોંધાયેલી છે. અત્રે મરાઠી સંતકવયિત્રીઓ સંદર્ભે પરિચયાત્મક નોંધ મૂકવાનો આશય છે.

મહારાષ્ટ્રની સંતકવયિત્રીઓમાં મહદંબા, મુક્તાબાઈ, વેણાબાઈ, બહિણાબાઈ, જનાબાઈ આદિ જેવા આશરે સવાસો જેટલી કવયિત્રીઓનું સાહિત્ય ઉપલબ્ધ છે. મરાઠી ભાષાની આદ્ય કવયિત્રી મહદંબા. આજે જ્યારે સ્ત્રી સ્વાતંત્ર્ય, સ્ત્રીમુક્તિની જાગરુકતા વધી છે ત્યારે સ્ત્રીમુક્તિનું મૂળ ૧૩મી સદીમાં થયેલ મહદંબાની વાણીમાં કયા પ્રકારે પ્રગટ્યું છે એ જાણવું રસપ્રદ છે. શ્રી ચક્રધર સ્વામીની પટ્ટશિષ્યા મહાનુભવ પંથની અનુયાયી બની તે પૂર્વે બાળ વૈધવ્યના કષ્ટને સહી ચૂકેલી. પ્રકૃતિએ જિજ્ઞાસુ, નિર્ભીક હોવાને કારણે ધર્માનુરાગે પંડિતો સાથે ચર્ચામાં ઊતરતી. શ્રી ચક્રધર સ્વામી એનાથી પ્રસન્ન થયેલા. સામાજિક વળગણોમાંથી મુક્ત થઈ પોતાની તીવ્ર એકલતાને ભક્તિ સાધના પ્રતિ વાળી, કૃષ્ણનું સાહચર્ય કેળવી મહદંબાએ ભક્તિની ભાવપૂર્ણ પદકવિતાઓ રચી છે. એની કવિતાનું કેન્દ્રસ્થ બળ ગોવિંદ સાથેની આત્મીયતામાં રહેલું છે. કૃષ્ણની રૂપમાધુરી તેના શબ્દોમાં જોઈએ.

कंठी घाली अमोलीक एकावळी :
रत्नाचे झळंबुके कानी येइला वनमाळी

(મરાઠી કવિતા: પ્રાચીન ખંડ પૃ. ૩)

બાહ્યરૂપનું વર્ણન કરતી વેળા કવયિત્રીનું મન કળાય છે. કૃષ્ણ સાથે સંવાદ સાધવા મધ્યયુગીન આ કવયિત્રીએ કવનનું શરણ સ્વીકારેલું. મહદંબા રચિત 'ધવળે' કાવ્યગ્રંથ અતિ પ્રસિદ્ધ છે. આ રસપૂર્ણ કથાકાવ્યમાં ગોવિંદપ્રભુના વિવાહગીતો છે. પ્રસંગચિત્રાણ અને ચરિત્રચિત્રાણ કથાકાવ્યમાં આ બે મહત્વનાં અંગોની દૃષ્ટિએ પણ આ ગ્રંથ મહત્વનો છે. વારકરી સંપ્રદાયની કવયિત્રીઓમાં મુક્તાબાઈનું નામ મહત્વનું મનાય છે તે જ પ્રકારે મહાનુભવ પંથની કવયિત્રીઓમાં મહદંબા મહત્વનું નામ છે.

'જ્ઞાનેશ્વરી ગીતા'ના સર્જક સંત શ્રી જ્ઞાનેશ્વરને યોગ, ધર્મ ને અધ્યાત્મનો બોધ આપનાર નિવૃત્તિનાથ અને મુક્તાબાઈ. તત્કાલીન સમાજમાં પ્રવર્તતી પરંપરાગત, ચુસ્ત ધર્મજીવનની દિશા

મુક્તાબાઈ બદલે છે. એમની અભંગવાણી સંખ્યામાં અલ્પ હોવા છતાં એમાં સમાયેલ અધ્યાત્મદર્શન ગહન છે, વિપુલ છે. મુક્તાબાઈ અભંગોમાં પરમાર્થનો ગુણ ગાય છે, યૌગિક સામર્થ્યની મહત્તા પણ દર્શાવે છે. આ કવયિત્રીનું અંગત જીવન કરુણાસભર હોવા છતાં એની અભંગવાણીમાં ક્યાંય એનો પડઘો સંભળાતો નથી. 'તાટીચા અભંગ' નામે લોકપ્રસિદ્ધ થયેલ અભંગવાણીની કર્તા મુક્તાબાઈ છે.

मजवरी कृपा करा । ताही उघडा ज्ञानेश्वरा ॥
विश्वपट ब्रह्म दोरा । ताही उघडा ज्ञानेश्वरा ॥

અજ્ઞાનરૂપી આવરણ ભેદવાનો સંકેત કવયિત્રીએ જ્ઞાનેશ્વરને આ અભંગમાં દર્શાવ્યો છે. સામાન્ય જનસમાજની વચ્ચે રહી માૌક્ષક પ્રતિભાબળે અસામાન્ય બની રહેલી મુક્તાબાઈએ હિંદી ભાષામાં પણ પહોચ્યાં છે. પ્રખર વિદ્વાન ચાંગ વટેશ્વર જેવા વયોવૃદ્ધે મુક્તાને પોતાની ગુરુ બનાવેલી. મુક્તાબાઈની જીવન અને ભક્તિ પરત્વેની પ્રત્યક્ષતા, સત્ય પરત્વેની નીડરતા, અનીતિ દુરાચાર પરત્વેની પ્રતિકારિતા એને ઊંચા સ્થાનની અધિકારિણી બનાવે છે. સંસારની નિષ્ક્રિયતા અને શ્રદ્ધાની સક્રિયતાનો સંગમ એટલે મુક્તાબાઈની મુક્તવાણીનો કાવ્યોત્સવ. મરાઠી સંત કાવ્યપરંપરામાં મુક્તાબાઈનું યોગદાન ''ગર્જતા ગગનમાં કરાડતી વીજ'' જેવું છે.

વારકરી સંપ્રદાયની અન્ય કવયિત્રી સંત જનાબાઈ, સંત નામદેવની છાયામાં ઊછરેલી જનાબાઈ પોતાને 'દાસી નામદેવાચી', 'શિષ્યા નામદેવાચી' કહી ઓળખાવે છે. જનાબાઈએ વિઠ્ઠલને સખા, સહધર્મીને પુત્ર રૂપે ચાહ્યો છે. વિઠ્ઠલ એનો અંગત આત્મીય સ્વજન છે એટલે જ 'અરે અરે વિઠ્ઠા! મૂળે માયેરચ્યા કારટ્યા' કહી એની સાથે વિવાદમાં ઊતરવાની કામના પણ તે ધરાવે છે. ગ્રામીણ કષ્ટસાધ્ય સ્ત્રીનું સાહિત્વ જનાબાઈ દ્વારા પ્રાપ્ત થાય છે. તે શ્રેષ્ઠ કર્મયોગિની હતી. કર્મ અને ભક્તિનો સુમેળ એને અમરત્વ પ્રદાન કરનાર તત્વો છે. જનાબાઈનાં અભંગોમાં કેટલેક ઠેકાણે એના જીવનના અનુભવો પણ કથાત્મક રૂપમાં રજૂ થયાં છે. માતા-પિતા દ્વારા ત્યજી દેવાયેલ આ કન્યારત્ન નામદેવના પરિવારમાં ઉછરી, જનાબાઈનાં અભંગોમાં સ્ત્રી સહજ સંવેદન, ભાવમધુરતા, અનન્ય આસ્થા અને વાત્સલ્યભાવ ગૂંથાયેલા છે.

૧૫મા શતકમાં થઈ ગયેલ સામાન્ય ગણિકા કાન્હોપાત્રા પોતાની અંતઃપ્રેરણા થકી અધ્યાત્મ પ્રતિ વળી. ઈશ્વર પ્રત્યેની નિષ્ઠા, અનન્ય આસ્થા અને નિર્મળ સ્નેહે ગણિકાને સંતકવયિત્રીના સ્થાને પહોંચાડી. કાન્હોપાત્રાની ધર્મવિચારણા, ભક્તિ પરત્વેની નિસ્બત, વિઠ્ઠલનું આકર્ષણ એને સ્થૂળમાંથી સૂક્ષ્મ પ્રતિ દોરી જાય છે. પૂર્વાશ્રમના જીવનને વિસ્મૃત કરી પરમેશ્વરનાં અનુરક્ત થઈ ઈશ્વર સાથે ઉત્કટ સંબંધ બાંધી કાન્હોપાત્રાએ ભક્તિની પવિત્ર ધજા ફરકાવી છે. તેણે ગાયું છે

माझें माहेर पंढरी । सुखें नांदुं भीमातीरीं ॥
येथे आहे मायबाप । हरे ताप दरुशनें ॥
निवारिली तळमळ चिंता । गेली व्यथा अंतरींची ॥
कैशी विहेवरी शोभली । पाहुनि कान्होपात्रा घाली ॥

(પ્રાચીન ગીત ભંડાર, પૃ. ૪૯)

(પંઢરપુર મારું પિયર છે, ભીમાતીરે મારા માતાપિતાનું ઘર છે, અહીં સઘળી ચિંતા ટળે છે, અંતરની વ્યથા ગળે છે, વિટ (ઈંટ) પર ઊભેલા વિઠ્ઠલની શોભા નયનરમ્ય છે)

મરાઠી સંત કવયિત્રીઓમાં ખરા અર્થમાં સંસારના બંધનોમાં બંધાવાનું જેના શિરે આવેલું તે બહિણાબાઈ. સંસારિક જીવનના પ્રપંચો અને ભક્તિ-પરમાર્થ ઉભયનો અનુભવ બહિણાબાઈને થયેલો, સંસાર અને ધર્મસાધના સમાંતરે તેણે નિભાવેલી ફરજો. સંત તુકારામની આ શિષ્યા બ્રાહ્મણ કુળમાં જન્મેલી. ગુરુ શૂદ્ર જાતિના તેથી અનેકવેળા અસહાય પરિસ્થિતિમાં તે મૂકાયેલી. સંસ્કૃત ગ્રંથ ''વજ્રસૂચિકોપનિષદ'' નું પરિશીલન કરી એણે કેટલાંક અભંગો રચ્યાં છે જેમાં વર્ણભેદ વિશે સભાનતાપૂર્વક થયેલ વિચારણા પ્રગટે છે. અભંગસાહિત્ય અને વારકરી સંપ્રદાયનો મહિમા વ્યક્ત કરતું તેનું એક પ્રખ્યાત અભંગ જોઈએ.

संतकृपा झाली । इमारत फळा आली ॥
ज्ञानदेवें रचिला पाया । रचियलें देवालया ॥
नामा तयाया किंकर । तेजें केला हा विस्तार ॥
जानार्दन एकनाथ । ध्वज उभारिला भागवता ॥ तुका झाला

(મરાઠીત્વના પ્રાચીનખંડ પૃ. ૬૫)

સંતોની કૃપાએ વારકરી સંતોની આચારસંહિતાનો પાયો રોપાયો. જ્ઞાનેશ્વરે અભંગનો પાયો રોપ્યો, નામદેવે એને દઢ કર્યો, જનાર્દને, એકનાથ આદિ સંતોએ એ મહાલયને દીપાવ્યું ને શિખર ધ્વજા ફરકાવી સંત તુકારામે. અભંગની અખંડ પરંપરાનો નિર્દેશ અહીં મળે છે.

કોલ્હાપુરના દેશપાંડેના ઘરમાં જન્મેલી, બાળ વૈધવ્યનું કષ્ટ વેઠનારી સ્વામી રામદાસની શિષ્યા વેણાબાઈ. શ્રેષ્ઠ સંતકવયિત્રીઓમાં તેની ગણના થાય છે. વિદ્વતા, કુશાગ્ર, બુદ્ધિમત્તા અને બહુશ્રુત વ્યક્તિત્વ ધરાવતી વેણાબાઈએ પંદરસો સત્તાવીસ શ્લોકોમાં રામાયણ રચ્યું છે. સંસાર ત્યજી તે સ્વામી રામદાસને શરણે થઈ રહેલી. જ્ઞાનપ્રાપ્ત માટે સાંસારિક ક્લેશોને ક્ષુલ્લક ગણી જીવનના અંતિમ વાસ્તવનો અનુભવ પામવા વેણાબાઈ કટીબદ્ધ હોવાથી એનો આધ્યાત્મિક મિજાજ અનોખો બની રહેલો. અધ્યાત્મજ્ઞાનને દર્શાવતી અનેક સ્ફુટ રચનાઓ તેણે રચી છે. વેણાબાઈ મિરજસ્થિત મઠની મહંતપદે નિમાયેલી અનેક શિષ્યો એના જ્ઞાનામૃતનો લાભ લેતા. તે કૃષ્ણભક્ત નહીં રામભક્ત કવયિત્રી છે. નામભેદે અંતે તો એકમેવ તત્વનો મહિમા જ ભારતીય સંત સાહિત્યનું વિશિષ્ટ લક્ષણ બની રહ્યું છે.

મરાઠી લોકખ્યાત સંત કવિ ચોખામેળાની પત્ની સંત સોયરાબાઈ અને બહેન સંત નિર્મળાબાઈ. બંને શૂદ્ર જાતિની સ્ત્રીઓ, જન્મની શૂદ્રતા ભક્તિની દઢતા સન્મુખ ન્યૂન પડી ગઈ. શૂદ્રતા સંબંધી જીવનની પીડા, સંઘર્ષો, નિરાશા ભક્તિની ભવ્યતા સામે વામણાં થઈ ગયાં. સંત સોયરાબાઈમાં માતૃત્વરૂપે સ્ત્રીત્વને પલ્લવિત કરવાની સ્પૃહા. માતૃત્વ અંકે કરવા તેણે વિહવળ થઈ પાંડુરંગને આર્જવભાવે કવન દ્વારા રીઝવેલા. પરંપરાના વહેણને ધર્મ અને જીવન, ધર્મ અને સાદગી, ધર્મ અને સમાનત્વ, ધર્મ અને વાસ્તવાચાર તરફ વાળીને નવા યુગના મંડાણ તરફ વાળવાનું કાર્ય આ કવયિત્રીઓએ કરીને જીવનમૂલ્યોનું જતન કર્યું છે.

સંત નામદેવની માતા ગોણાઈ, પત્ની રાજાઈ અને બહેન લાડાઈ. આ ત્રણે સ્ત્રીઓએ પણ અભંગરચના કરી છે. વિઠ્ઠલમાં રત નામદેવ પ્રત્યેની આસક્તિએ ત્રણે વિઠ્ઠલ ભક્ત બને છે. વિઠ્ઠલ મંદિરમાં પુત્ર નામદેવને હરિમગન થયેલો જોઈ પુત્રને પાછો ઘરે વાળવા નિમિત્તે ગોણાઈ કવિતા રચે છે,

તારે દ્વારે બેસીને ઉપવાસ કરીશ અને

જીવ હું આપીશ, પણ નામ્યાને લઈ જઈશ. (સકલ સંતગાથા)

નામદેવની પત્ની રાજાઈએ પણ પંઢરપુર ક્ષેત્રમાં સ્થિર પતિને સંસાર તરફ વાળવા પ્રયત્ન કરેલો. તે કહે છે.

આવી હું મહાદ્વારે, આગળ ધર્યાં બાળકો,

વિઠોબા સન્મુખ, નામા આવ. (સકલ સંતગાથા)

સંત કવયિત્રીની વાણીનું અર્થઘટન સંદર્ભ સહિત થાય તે મહત્વનું છે. આ કવયિત્રીઓ જે સમાજ અને સાંસારિક આપત્તિઓને અતિક્રમીને ધર્મને આંગણે આવી બુલંદ સ્વરે ગાઈ ઊઠી છે એનો વિગતે અભ્યાસ કરવા માટે એ સમયના સમાજ, અર્થકારણ, રાજકારણ અને આ કવયિત્રીઓના હૃદયકારણનો સંદર્ભ તપાસવો અનિવાર્ય છે. એવો અભ્યાસ થાય તો જ એમની વાણીનો મહિમા ખરા પરિપ્રેયમાં પામી શકાય. સ્ત્રીસંતોની વ્યાપક વાણીધારાનું વહેણ આગળ વધારનાર અન્ય કવયિત્રીઓમાં પ્રેમાબાઈ, બયાબાઈ, અંબાબાઈ, ભાવંડીબાઈ જેવાં અનેક નામોનો સમાવેશ કરી શકાય તેમ છે.

મરાઠી વીરશૈવ પરંપરામાં થઈ ગયેલ એકમાત્ર સંત કવયિત્રી ભાવંડીબાઈ. એનો જન્મ ઈ.સ. ૧૮૮૮માં સમયની દૃષ્ટિએ અર્વાચીન પણ હોવા છતાં એની અભંગવાણીમાં મધ્યયુગીન પરંપરાનું અનુસંધાન વર્તાય છે. ભાવંડીબાઈએ આશરે ૭૦૦ અભંગો રચ્યાં છે. ''ગુરુદાસ ગાથા'' ભાગ ૧, ૨માં ગુરુનાં અભંગોનું સંપાદન અને પ્રકાશન કરનાર તે સહુ પ્રથમ સ્ત્રી સંપાદિકા તેમ જ પ્રકાશકનું શ્રેય પણ લઈ જાય છે. આ ઉપરાંત 'સદ્‌ગુરુચી આરતી', 'સ્તુતિ' વગેરે ગ્રંથો પણ એના નામે પ્રકાશિત થયાં છે.

ગૃહને સાચવનારી સ્ત્રી માટે નિયત કરેલ સામાજિક બંધનોને અનુસરીને જીવનારી, વૈધવ્ય કે ત્યકતા જેવા તત્કાલીન કષ્ટો ભોગવનારી આ નારીઓના આંતરખમીરનો અવાજ ધર્મના અનુષંદે બળકટ બાનીમાં પ્રગટે છે ત્યારે કષ્ટોનું લય પામવું ને અનહદના સાક્ષાત્કારનું પ્રગટવું સાથે થતું લાગે છે. અંગાઈ ગીતો, ઉત્સવ ગીતો, પવાડા, ધવળે, અભંગો વગેરે કાવ્ય સ્વરૂપોમાં એમણે આસાએશ શોધીને માયાને મ્હાત કરીને સંતત્વ સિદ્ધ કર્યું છે. 'स्त्री जन्म म्हणुनि न व्हावे उदारत' સંત કવયિત્રી જનાબાઈની આ પ્રસિદ્ધ ઉક્તિ તત્કાલીન સમયની સ્ત્રીઓ માટેના મોકળાશપૂર્ણ વાતાવરણ પ્રત્યેનો સંકેત છે. આ કવયિત્રીઓએ ભક્તિ કરી, ભક્તિનો પ્રચાર કર્યો ઉપરાંત મહારાષ્ટ્રના સામાજિક, સાંસ્કૃતિક વિકાસનું બળ પણ તેઓ બની રહી. મધ્યયુગીન મરાઠી સંતકવયિત્રીઓનું સાહિત્ય ભાવ, ભાષા ને નિરૂપણ સંદર્ભે પણ મહત્વનું છે. પરબ્રહ્મની પ્રાપ્તિ માટે, સમાજની સ્થિરતા માટે, પ્રજામાં સંસ્કાર સીંચવા માટેનું તે પ્રેરકબળ છે. મહારાષ્ટ્રની કવયિત્રીઓની જ્ઞાનપિપાસા, સાધનાની સરળતા અને પ્રેમની નિર્મમતા એમની વાણીના સામીપ્યથી સમજાય છે. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં એમનું સ્થાન માનને પાત્ર કર્યું છે. મહારાષ્ટ્રની સીમાની બહાર ભારતીય સાહિત્યમાં તેમ જ વિશ્વસાહિત્યમાં આ કવયિત્રીઓનો અક્ષરદેહ અભ્યાસનો વિષય બનતો રહ્યો છે એ હકીકતની પણ નોંધ લેવી ઘટે.

❑❑❑

આધુનિક સમાજ જીવનની કુરૂપતાનું દર્શન 'તલાશ'ની કવિતામાં

Ms. Nilam Raval

સમય, વ્યક્તિ અને સમાજને કેવાં કરી નાંખે છે એની ચિંતા અને ચિંતન વિપીન પરીખનાં કાવ્યોમાં જોવા મળે છે. પતિ-પત્ની વચ્ચેના સંબંધો, મિત્ર-મિત્ર વચ્ચેના સંબંધો, વ્યક્તિ સમાજ સાથેના સંબંધો, માતા-શિશુના સંબંધો અને વ્યક્તિના પોતાની સાથેના સંબંધની વિપીન પરીખે કરેલી 'તલાશ'ની કવિતામાંથી આધુનિકતાની આડઅસરનાં માઠાં પરિણામ દર્શાવતી કવિતાની મારી તલાશનાં તારણો અહીં આપવાનો ઉપક્રમ છે. 'આધુનિક' શબ્દે વ્યક્તિના જીવનના દરેક ક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે, પછી એ ઘરની ગોઠવણી હોય, પતિ-પત્નીના સંબંધો હોય કે પછી કૌટુંબિક કે સામાજિક જીવન હોય. જીવનની પદ્ધતિ એટલી હદે બદલાઈ ગઈ કે જીવનનો જાણે અર્થ જ બદલાઈ ગયો.

ઘરની ગોઠવણમાં આધુનિકતાએ આણેલા ફેરફારો "(F)utility' કાવ્યમાં જોવા મળે છે. ઘરની ભીંત પર ભગવાનના ફોટાઓ હવે cheap લાગે છે, એના કરતાં "Pin up Girls'ના નટખટ ફોટા રતિક્રીડામાં સહાયરૂપ તો બને છે. આધુનિકતાનું એક લક્ષણ છે ઉપયોગીતાવાદ. કવિએ શીર્ષકમાં કૌંસનો ઉપયોગ કરી આજે શું out-નિરર્થક છે અને શું in-ઉપયોગી છે તેની વાત ચાલાકીથી કરી લીધી છે.

આધુનિકતાના સંદર્ભમાં પતિ-પત્નીના સંબંધોનું સ્વરૂપ, અર્થ બદલાઈ ગયા છે, ઉષ્મા, પ્રેમનું સ્થાન લીધું છે સમજૂતીએ - મ્યુચ્યુઅલ અન્ડરસ્ટેન્ડીંગે, કવિએ પ્રીતના આ નાજુક સંબંધમાં પણ પ્રવેશેલા દંભ, બનાવટ અને ઉપયોગીતાને "Accomodation' માં છતાં કર્યા છે. બહારથી આવનારને વાતાવરણ પ્રસન્ન ને હળવું લાગે માટે પત્નીએ ડ્રોઈંગ રૂમ ફૂલોથી સજાવવો, પાર્ટીમાં 'સ્મિત સાથે કરાતી social services' ગમે કે ન ગમે તો પણ પતિને કંપની આપવી, તો પતિએ પત્નીના કહેવાથી મુન્નાની નિશાળમાં વાલીઓની મિટીંગમાં પપ્પા-મમ્મી તરીકે થોડાક કલાક હાજરી આપવી. અગ્નિની સાક્ષીએ આપેલાં વચનો ધુમાડો થઈ ગયાં છે એનો ખ્યાલ બહારથી જોનારને આવે નહીં એ માટે પતિ-પત્નીએ 'થોડાક વ્યવહારિક કલાકો માટે Mutual Accomodation' સાધવાનું છે. પતિ-પત્નીના પવિત્ર સંબંધને પણ હવે નાટકની જરૂર પડી છે, એ વ્યથા, કટાક્ષ આ કાવ્યમાં પ્રગટ થયાં છે.

'ત્યારે પણ'માં સંબંધોને જીરવવાનું શીખી ગયેલી પત્ની બેડરૂમમાં આગ લાગી હોય ત્યારે પણ 'સવારે તુલસી ક્યારામાં જળ સીંચે' છે. તુલસી ક્યારામાં જળ સીંચતી આ પત્ની શું પ્રાર્થના કરતી હશે? ભવોભવ આ જ પતિ મળે એની? ના. સંઘર્ષની પરાકાષ્ઠાએ 'ત્વમેવ મતાં' કાવ્યમાંની પત્ની અમેરિકન પત્નીની જેમ પતિને છોડીને ચાલી જતી નથી, કોર્ટમાં પતિને બદનામ કરતી નથી પરંતુ પતિને જ 'આવતા ભવે પતિ તરીકે તો તમે નહીં જ.' એ શબ્દોની લપડાક એવી લગાવે છે કે પતિ માટે કોર્ટની બદનામી કરતાં પણ આ શબ્દો વસમા બની જાય છે.

પરંતુ આવું કહેવા માટેય રાજકુમાર તો જોઈએ ને! પણ આધુનિક જીવન એની સાથે અનેક પ્રશ્નો, સમસ્યાઓ લઈને આવે છે. લગ્ન, દહેજ, ગરીબાઈ એ પણ આધુનિક સમયની વિકરાળ

સમસ્યા છે. 'બિછાના' કાવ્યમાં કવિએ આવી જ સમસ્યાનો સામનો કરતી કુંવારકાની વાર્તા કરી છે. દીકરી કહે છે, 'મા, મારે માટે મૂરતિયો લાવ. કોઈ પણ...' મા એક પછી એક મહેલોનાં અને ચાલીઓનાં બારણાં ખટકાવતી જ રહી. એક પછી એક યોગ જતા રહે છે, દીકરી સોમવાર ને શનિવારનાં આકરાં તપ કરે છે પણ કેમે કરીને, મહાદેવ રીઝતા જ નથી. રાતે ખાતી નથી, દિવસે પીતી નથી.

'એક બિછાનામાં મા પડખું બદલ્યા કરે.

બીજામાં દીકરી સ્વપ્નોના ટુકડા ભેગા કરે.'

એક વાર્તાકારની અદાથી કવિ મલાવી મલાવીને કરૂણતાને પરાકાષ્ઠાએ લઈ જાય છે.

'ગોળ વિના મોળો કંસાર, મા વિના સૂનો સંસાર' એ ઉક્તિ આધુનિકતાના પૂરમાં તણાઈ ગઈ છે. મા મહેનત મજૂરી કરીને પોતાની મૂડી-છોકરાંને ઉછેરે છે, સાચવે છે. પરંતુ ઉત્તર વયમાં એની સિલક કેટલી રહે છે એ 'સિલક' કાવ્યમાં જોઈએ. આંખે મોતિયો આવી ગયો છે; છોકરો, વહુ, પતિ ઘરમાં કોઈ એને સમજતું નથી, છતાં ફરિયાદ નથી. પોતાનો અલગ સંસાર માંડીને બેઠેલો દીકરો આવે છે ત્યારે એનો પ્રેમ 'જમીને જજે' કહેવા લલચાય છે. દીકરો જૂઠું બોલે છેઃ 'મા ભૂખ નથી'. આ છે માની સિલક! બધું ખોઈને જેને ઉછેર્યો છે એ દીકરો માના વાત્સલ્યને સમજી શકતો નથી, કેમ કે એ આધુનિક દીકરો છે. માને પ્રેમના બદલામાં મળી છે એકલતાનાં આંસુની સિલક.

મારા-તારાની ભાવના ઘર કરતી જાય છે. સંયુક્ત કુટુંબો વિભક્ત થતાં જાય છે. ઘરના કટકા થવા માંડે છે. ભ્રાતૃભાવનાનો ક્ષય થવા માંડ્યો છે. એક આંગળીના બે કટકા કર્યા તોય સંતોષ નથી. ઘરની એક એક વસ્તુ માટે બંને ભાઈઓનાં મન રાક્ષસ થઈ બેસે છે. ભોળાનાથના મંદિર માટે કોઈનો આગ્રહ નથી પણ ચાંદીના નંદી માટે બૂમાબૂમ થાય છે, કાશ્મીરના ગાલીચાના પણ બે ભાગ કરાવે છે, છોકરાંનાં રમકડાં સરખે ભાગે વહેંચી લે છે, ને આમ

ને ફરી શરૂ થઈ

નવા ઘરની રમત...

કાશ્મીરના ગાલીચાના કટકા પર!

આમ, 'આખરે' કાવ્યમાં નાજુક, પવિત્ર સંબંધોની કઠોરતા, છિન્નભિન્નતા 'કટકા' શબ્દ દ્વારા વ્યક્ત થઈ છે. પ્રેમ નહીં, ભૌતિકતાનું મહત્વ વધતું ચાલ્યું છે. કુટુંબભાવના આજના આધુનિક યુગમાં રહી નથી એ આ કાવ્યમાં રજૂ થયું છે.

આજની મમ્મી એ સવારથી સાંજ સુધી બાળકની ફિકર કરતી, એની પાછળ રહેતી મમ્મી રહી નથી. એ આજે પુરુષ સમોવડી બની છે. આજની આર્થિક સંકડામણને પહોંચી વળવા ચાર દિવાલોની દુનિયાની બહાર નીકળી છે, નીકળવું પડ્યું છે. ઘંટીએ બેઠેલી મા કે ગાય દોહતી મા શિશુના સ્વપ્નમાંથી ગાયબ થઈ છે. 'એક મોડર્ન શિશુનું સ્વપ્ન'માં આવતું આધુનિક મમ્મીનું ચિત્ર જોઈએ. એ ચિત્રમાં - સ્વપ્નમાં ઑફિસે સમયસર પહોંચવા રસ્તા પર દોડતી, બસ પકડવા દોડતી મમ્મી બસ પકડી શકતી નથી. આ ચિત્ર જોઈ બાળકનું હૃદય દ્રવી ઊઠે છે. આ શિશુનું ભાવિ સ્વપ્ન છે, બસ ડ્રાઈવર બની, મમ્મીની બસ પકડવાની સમસ્યાનો અંત આણવાનું.

આ આધુનિકતાએ તો હદ કરી નાખી છે બાળકના હાથમાંથી માનો આંચલ લઈ લીધો છે, માની ગોદ છીનવી લીધી છે, અસહાય બનાવી દીધો છે. 'એક ચિત્ર' કવિએ આવા જ એક શિશુ મિકીની વ્યથાની તસવીર ઝીલી છે. ટીપટોપ બ્લોક, મમ્મી-પપ્પાનું સ્થાન લીધું છે વિશ્વાસુ સખારામ અને વૃદ્ધ આયા એ. પા પા પગલી ભરતો મિકી ડ્રોઈંગ રૂમમાંથી બેડરૂમમાં ને બેડરૂમમાંથી ડ્રોઈંગરૂમમાં કોઈકને શોધતો આવ જા કર્યા કરે છે. એની સાથે કાલીઘેલી ભાષામાં વાત કરનાર કોઈ નથી કેમકે,

ઘરનો વિશ્વાસુ સખારામ ફોન ઉપર વાતોની આપલે કરે છે

વૃદ્ધ આયા પાના ચાવે છે

અને

થોડી થોડી વારે ચોખા વીણવાની ચેષ્ટા કરે છે. આ છે વ્યાવસાયિક સ્ત્રી-માના શિશુની કથાની વ્યથા.

આધુનિકતાની ઝાકમઝોળ મિત્રને પણ સ્પર્શી જાય છે ત્યારે એ જૂઠ્ઠા જીવનને જીવતો થઈ જાય છે, એ વાત '(અ)સત્ય' કાવ્યમાં કટાક્ષ રૂપે પ્રગટ થઈ છે. શરાબ એ એને માટે ગંગાજળ બની જાય છે, રાતદિવસ ભટકે પણ એક જિગરજાન મિત્ર માટે સમય નથી કાઢી શકતો. મંદિર અને મસ્જિદની વાત આવતાંની સાથે જ ભડકી ઊઠે છે કેમકે એ કહેવાતા બૌદ્ધિકોની જમાતમાંનો છે. આસ્તિકતાની વાતા એને માટે 'જૂનવાણી' થઈ ગઈ છે. આવા આધુનિકતાના રવાડે ચઢેલા મિત્રને જોઈને કવિની આંખોના ખૂણા ભીના થાય છે. ખુલ્લી આંખે મિત્રના પરિવર્તનને જોઈ રહે છે. 'સમય તમને છેતરીને ચાલી ગયો છે' એમ કહી શકતો નથી. મિત્રના દંભ, પોકળતા એવા તો ઉઘાડા પડી ગયા છે કે કવિને એના તરફ કરુણાને નફરત જાગી ઊઠે છે છતાં,

'લોકો કહે છે આપણે બે જીગરજાન મિત્ર છીએ.' મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું સૂકાતું ચાલ્યું છે એ 'સત્ય' ને 'અસત્ય' જીવન જીવી રહેલા મિત્રને કેમ સમજાવવું એની મુંઝવણ આ કાવ્યમાં જોઈ શકાય છે. કવિએ શીર્ષકમાં કરેલ કૌંસનો ઉપયોગ સાર્થક બન્યો છે.

'આમ તો' કાવ્યમાં મિત્રમાં રહેલો વાણી અને વર્તનનો વિરોધાભાસ કવિને કેવા અકળાવી મૂકે છે, તે વાત છે. લંગોટિયા મિત્રને નીતિ-નિયમની, ધર્મની વાતો કરવાનો શોખ છે. વારે ઘડીએ રામ-રાવણ, યુધિષ્ઠિર અને કૃષ્ણની વાતો કરે છે, ગીતાના શ્લોકો તો એવા કડકડાટ બોલી જાય છે કે જોનાર દંગ જ રહી જાય. પરંતુ આવા મિત્રે સરકારી કૉન્ટ્રેક્ટમાં નાનકડો હિસ્સો રાખ્યો છે, ને આવી રીતે પૈસા બનાવવાનું તો એને માટે સહજ છે, એમ કવિએ સાંભળ્યું ત્યારે એમને હવે સવારે ગીતાનો પાઠ કરતાં,

ગીતાના શ્લોક એના પગ નીચે કચરાતા સંભળાય છે

અને

આંખ સામે યુધિષ્ઠિર

કાદવમાં ખૂંપતા જાય છે અને દોસ્ત હસ્યા કરે છે. 'દૃષ્ટિ એવી સૃષ્ટિ' એ જાણીતી વાત છે પરંતુ ક્યારેક સૃષ્ટિને આધારે દૃષ્ટિ ઘડાતી હોય છે એ કટાક્ષ અને કચવાટ આવાં કાવ્યોમાં દેખાય છે. એક

જમાનો એવો હતો કે તપ, ત્યાગ, ધર્મ, ધ્યાન, વેદ, મંત્રો, શ્લોકો - આખું વાતાવરણ હતું. યંત્રો આવ્યાં, ઉદ્યોગો આવ્યા, વહેણ બદલાયાં. જીવનની પદ્ધતિ એટલી હદે બદલાઈ ગઈ કે જીવનનો પોતાનો જાણે અર્થ જ બદલાઈ ગયો. સમકાલીન પરિસ્થિતિમાંથી વિપીન પરીખની કલમ પ્રેરણા લઈ ક્યારેક અનુભવની આવી કવિતા આપે છે. આથી જ તો એમાં સચ્ચાઈ છે.

બેકારી, ગરીબી, સામાજિક અસમાનતા એ પણ આધુનિક સમયની દેણગી છે. 'ફૂટપટ્ટી' કાવ્યમાં કવિ પોતાના 'રીટાયર્ડ' થયેલા ક્લાસ ટીચરની વાત લઈને આવે છે. જેમનો રોફ સિંહ જેવો હતો, જેમની ત્રાડ આખા ક્લાસને ધ્રૂજાવતી એવા ક્લાસટીચર ૨૦ વર્ષ પછી મળે છે ત્યારે કવિ જુએ છે કે એમનું મોં વીલાઈ ગયું છે, પગલાંમાં પ્રાણ નથી, કોટ જૂનો થઈ ગયો છે. ટીચરમાં આવેલા આ પરિવર્તનનું કારણ તે 'હવે 'રીટાયર્ડ' થયા છે.' એક વખતે ખરાબ અક્ષર માટે હાથમાં ફૂટપટ્ટી મારનાર આ ટીચર ઢીલા અવાજે કવિને-વિદ્યાર્થીને કહે છેઃ

''તને તો ખબર છે મારા અક્ષર સુંદર અને મરોડદાર છે,

અને હું હિસાબના ચોપડા પણ લખી શકું છું, તારી ફેકટરીમાં...''

ખરાબ અક્ષર માટે મળેલા ફૂટપટ્ટીના મારની ચચરાટી કરતાં આ શબ્દોની ચચરાટી એ વિદ્યાર્થી માટે કેવી તો દાહક બની હશે! એકબાજુ બેએક વર્ષમાં એક જ કોન્ટ્રાક્ટમાં આખી જિંદગીની નિરાંત થાય એવી કમાણી કરનાર, ફક્કડ થઈ ફરનાર બેઈમાન વર્ગ તો બીજી બાજુ એવો વર્ગ છે જેને આખી જિંદગી તલવારની ધાર પર ચાલ્યા પછી પણ નોકરીની ભીખ માંગવી પડે છે. 'ગુરુદેવો ભવઃ' કહેવાથી એમનો ભવ સુધરતો નથી. એને પણ આજની મોંઘવારી નડે છે.

'કારકુનની યાત્રા'માં પણ આ જ "Monotonous' ની વાત છે. રગશિયું ગાડું એકધારું ચાલ્યા કરે છે, એમાં કોઈ પ્રગતિ જ નથી. બધું બદલાય છે પણ કારકુન તો ૧૯૪૫માં જેવો હતો એવો જ ૧૯૭૬માં રહે છે. કેમકે એકના બે કરવાનો કીમિયો એની પાસે નથી. એ કહે છે, હું 'બૉસ' ને કે ટેબલને બદલી શકતો નથી. ને એટલે જ

૧૯૪૫માં મારા ખમીશનો કૉલર હતો

તે જ કૉલર આજે પણ છે, ૧૯૭૬માં.'

દીકરાને એ Funny લાગે છે. એ મનોમન હસે છે, કે દીકરાને 'કેટલા વીસે...' એ ખબર નથી. એને પણ ટેબલને લાત મારીને દૂર ભાગી જવાનું મન થાય છે.

'પણ મારામાંનું કશુંક મને જકડી રાખે છે.' દિવસો ને વરસો જાય છે પણ શિક્ષક કે કારકુન જ્યાં હતા ત્યાંના ત્યાં જ રહે છે. તેમના જીવનની આ કથા વ્યથાથી ભરેલી છે.

મધ્યમવર્ગ એ આધુનિક યુગની પેદાશ છે. નોકરી ધંધાની શોધમાં ગામડું છોડી મુંબઈમાં આવેલા 'ક'ના આપઘાત કર્યાના સમાચાર મિત્ર પાસેથી મળતાં આપણો કવિ અકળાઈ ઊઠે છે. એમને 'ક' મૂરખ, stupid લાગે છે. મિત્રને એ કહે છે કે 'ક' ને જો કોઈ પૈસાની તકલીફ હોય કે કોઈ છોકરી જોડે મન લાગ્યું હોય તો મને વાત કરી હોત તો કંઈક રસ્તો કાઢી હું એને મદદરૂપ બનત. પણ એણે આમ આપઘાત શું કામ કર્યો? પરતું 'ક'ના આપઘાતનું કારણ '''ક'ને મુંબઈમાં ઘર જોઈતું હતું!''

જાણીને કવિના બધા પ્રશ્નો 'નિરુત્તર થઈ ગયા.' મુંબઈમાં માણસને 'રોટલો મળી રહે પણ ઓટલો ન મળે' એ હકીકત અને મધ્યમવર્ગના માનવીની કઠણાઈ અહીં છે. આ જ મધ્યમવર્ગના માનવીને જો નસીબજોગે મુંબઈમાં ઓટલો મળી પણ જાય તો એ ઓટલા નીચે દટાઈને મરી જાય ત્યાં સુધી એ ઘરને છોડી પણ શકતો નથી. 'કિંમત'માં મકાન તૂટી પડતાં ચાર માણસ દટાઈ મર્યાના સમાચાર કાવ્યનો વિષય બન્યો છે. શહેરના કેટલાક શાણા માણસો સવારની ચા પીતાં પીતાં આવા સમાચાર વાંચે છે ત્યારે પોતાનું ડહાપણ ડહોળતા કહેશે,

''શા માટે એક જર્જરિત મકાનને, તૂટી ન પડે ત્યાં સુધી લોકો વળગી રહેતા હશે?

વિધાતા પણ પછી એવા માણસોને કેવી રીતે બચાવી શકે?''

આની સામે મધ્યમવર્ગનો માણસ જવાબ આપે છેઃ

'અમારા ખીસામાં રૂપિયા હોતા નથી

હોય છે માત્ર ડૂસકાંઓ જ,

અને ડૂસકાંઓથી જગ્યા ખરીદી શકાતી નથી

એનો આ દોષ છે.'

આ પંક્તિઓમાં છે મધ્યમવર્ગના શહેરના માનવીની કરુણાજનક પરિસ્થિતિનું બયાન. આધુનિક જીવનની વિષમતા પણ અહીં આલેખાઈ છે. એક બાજુ આલિશાન ફ્લૅટ, બંગલા છે તો બીજી બાજુ જર્જરિત મકાનો. આ પણ શહેરીજીવનની એક છલના છે.

યંત્રયુગ અને ઔદ્યોગિક ક્રાંતિથી શિક્ષણનું મહત્વ તો વધ્યું પરંતુ સાથે સાથે શિક્ષિત બેકારીના પ્રશ્નો પણ સર્જાયા. આ શહેરમાં ઘણું ન બનવા જેવું બનતું હોય છે. પણ એક દિવસ એવું પણ બને કે આપણે આપણા જન્મદિવસે ગાયોને ઘાસ નીરી, કબૂતરોને ચણ નાખી, મંદિરની બહાર બેઠેલા ભિખારીઓને અન્ન વહેંચી કશું કરી છૂટ્યાનો સંતોષ લઈ સૂઈ જઈએ ને બીજે દિવસે સવારે છાપામાં વાંચતા હોઈએઃ

'એક શિક્ષિત બેકાર યુવાને

પોતાની પત્ની અને નાની પુત્રીની હત્યા કરી,

પછી પોતે આત્મહત્યાનો નિષ્ફળ પ્રયાસ કર્યો.'

એકબાજુ જન્મદિવસનું "celebration' અને બીજી બાજુ શિક્ષિત બેકાર અને એના કુટુંબની હત્યા-આત્મહત્યા - આ બે વિરોધી ઘટનાઓ સામાજિક અસમાનતાની સાથે શિક્ષિત બેકારીના પ્રશ્નનો નિર્દેશ કરે છે.

વિપીન પરીખનાં આ બધાં કાવ્યોમાંથી પસાર થતાં જોવા મળશે કે યંત્ર સંસ્કૃતિ-આધુનિકતાએ ક્યાં ને કેવી રીતે આડ અસરો નીપજાવી છે. રમણલાલ જોશીએ 'તલાશ'નાં કાવ્યો માટે 'ઉચિત' રીતે જ નોંધ્યું છે કે,

''અત્યારના જીવનની યાંત્રિકતામાં જીવન જેના વડે ઊભું છે એ આધારશીલા જ ડગમગતી લાગે છે, એ મુખ્યબિંદુ પર તેમણે (વિપીન પરીખે) આંગળી મૂકી છે.''

કાવ્યાન્તે સ્વાભાવિક ચમત્કૃતિ સાધતી અને એ દ્વારા સંવેદનાને વેધક રીતે રજૂ કરતી 'તલાશ'ની આ રચનાઓ થોડામાં ઘણું કહી જાય છે. આધુનિકતા એની સાથે થોડુંક સારું લઈ આવી હશે પરંતુ પ્રશ્નો તો ઘણાં લઈ આવી છે. જળોની જેમ જીવનને વળગી રહેલા આ પ્રશ્નોની અભિવ્યક્તિ પણ આધુનિકતાને અનુરૂપ ભાષામાં થઈ છે. કાવ્યનાં શીર્ષકો અને કાવ્યમાં છૂટથી આવતા અંગ્રેજી શબ્દોથી અભિવ્યક્તિમાં સહજતા અને સ્વાભાવિકતા આવી છે. કવિ આપણી સાથે સહજભાવે વાત કરતા હોય એવું આ રચનાઓનું કતૃત્વ છે. વિપીન પરીખની આ કવિતાઓમાં આવતા કટાક્ષ વિશે સુરેશ દલાલ કહે છે,

''ઓ હેન્રીની વાર્તામાં જેમ પૂંછડીએ ડંખ હોય છે તેમ આવા કટાક્ષના ડંખ વિપીનની કવિતામાં હોય છે. એની કવિતાની લોકપ્રિયતાનું કારણ કદાચ આ પણ હોઈ શકે.''

વિપીન પરીખની કવિતામાં આવતો સમાજ પ્રત્યેનો આ કચવાટ અને કટાક્ષ તેમની માનવ અને માનવતા સાથેની નિસ્બતને નિર્દેશે છે. બે વ્યક્તિ વચ્ચે વિસ્તરેલા સહરાની વાત આ કવિતાઓનો મુખ્ય વિષય રહ્યો છે. સાવ સામાન્ય ઘટનામાંથી કે કોઈ પ્રસંગમાંથી કે છાપાના સમાચારોમાંથી પણ આ કવિ કવિતા સર્જી શકે છે. આ કવિતાઓમાં વેદના છે, કટાક્ષ છે, આપણને અવાક્, સ્તબ્ધ કરી દેતા અંત છે, બૌદ્ધિકોની નપુંસકતા પર પ્રહાર કરવાનું પણ કવિ ચૂક્યા નથી. નિવૃત્તિ, બેકારી, ગરીબી, દહેજ, લગ્ન જેવા પ્રશ્નો વિપીન પરીખની કવિતામાં વેધક રીતે રજૂ થયા છે.

આપણા સાંપ્રત જીવનની સઘળી નીતિરીતિ, પ્રજાની હાડમારીઓ, કૌટુંબિક જીવનની કુરૂપતાઓને વિપીન પરીખે 'તલાશ'ની આ રચનાઓમાં કશો છોછ રાખ્યા વગર ચિત્રિત કરી છે.

❑❑❑

વાચનનો સુખદ અનુભવ - 'તોત્તો-ચાન'

Ms. Manjula Chheda

પ્રત્યેક ભાષાનો સાહિત્ય વૈભવ આગવો હોય છે. વિશ્વમાં અનેક ભાષાઓ પ્રવર્તમાન છે. આ દરેક ભાષામાં અનેક ઉત્તમ કૃતિઓ સર્જાઈ છે. દરેક સમાજની સંસ્કૃતિ, સમસ્યાઓ, માન્યતા, સંઘર્ષ, વિકાસ - બધું જ જે-તે સમાજની ભાષાના સાહિત્યમાં નિરૂપાય છે. અને આપણા સુધી પહોંચે છે અનુવાદ દ્વારા અને આ અનુદિત સાહિત્ય સ્વભાષાનું સાહિત્ય બને છે.

૧૯૮૨માં જાપાનમાં પ્રગટ થયેલ 'તોત્તો ચાન' પુસ્તક દુનિયાની ઘણી ભાષામાં પ્રગટ થયું. પરંતુ ગુજરાતી ભાષામાં ૨૦૦૧માં નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયા દ્વારા પ્રકાશિત થયું. જેનો રસાળ અનુવાદ કર્યો છે શ્રી રમણ સોનીએ.

પુસ્તકના ૬૧ લેખો-ભાવપ્રસંગો ૧૬૮ પાનામાં લખાયેલા છે. જેમાં બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ખતમ થઈ ગયેલી જાપાની 'તોમોએ' સ્કૂલ અને શિક્ષક સોસાકુ કોબાયાશીએ બાળકના વિકાસ માટે કરેલા નવતર પ્રયોગો અંગે વાત કરવામાં આવી છે અને તેમની સ્મૃતિને સમર્પિત કરેલું છે.

સંસ્મરણોની પાંખે એક અનોખી શાળાની શૈશવકથા, દિશા ચીંધતું, સહુને ગમી જાય તેવું, નહીં ચોક નહીં ડસ્ટર છતાં શિક્ષણોપનિષદ, શિક્ષણની શિક્ષાપત્રી, મધુર સ્મરણયાત્રા, બારી ઉઘાડનારું, સર્જનાત્મક શિક્ષણને સાકાર કરનારું, શૈશવકાળના ચિત્રો અને શબ્દચિત્રો સાથેનું આલ્બમ એટલે 'તોત્તો-ચાન'.

આ કથાના કેન્દ્રમાં છે 'કથા' અને પરિઘમાં છે 'બાળક'. કથા છે તોત્તો-ચાનની જે આ કૃતિની લેખિકા છે તેત્સુકો કુરોયાનાગી. સાત વર્ષની અતિ ચંચલ બાલિકાની.

એક શાળામાંથી તોફાની છોકરીનું લેબલ લગાડીને કાઢી મૂકવામાં આવેલી તોત્તો-ચાનને એની મા, એ બહુ ચિંતિત હોવા છતાં પુત્રીને કશું જ કહ્યા વિના પ્રેમભરી રીતે, કાળજીથી એની 'આ નાનકડી છોકરીને લોકો સમજી શકે અને બીજાં સાથે કેવી રીતે વર્તવું એ શીખવે.' એવી આશા સાથે 'તોમોએ' નામની નવી શાળામાં દાખલ કરવા જાય છે. આ વિરલ પળથી આરંભાતી, તોફાની તોત્તો-ચાનની શાળાકથા.

તોત્તો-ચાનને પ્રવેશ આપનારી તોમોએ શાળાના કલ્પનાશીલ આચાર્ય-હેડમાસ્ટરજી સોસાકુ-કોબાયાશી એમના વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસ માટે પગ નીચેથી વાસ્તવિક જમીન ખસવા દીધા વિના, રચનાત્મક પ્રવૃત્તિઓ શાળામાં તેમજ શાળા બહાર કરાવે છે. આવી શાળાની શ્રી રમેશ દવે સ્વતંત્રતા, સમાનતા, બંધુતા જેવી લાક્ષણિકતા જણાવે છે.

'તોમોએનું ભણતર' લેખમાં ભણાવવાની રીતની વાત કરવામાં આવી છે. રેલ્વેના જૂના ડબ્બાઓમાં ચાલતી સ્કૂલમાં ભણવાનું હોય તે તો નવાઈની વાત હતી જ, પણ આ સ્કૂલની સૌથી વધારે નવાઈની બાબત તો એની ભણાવવાની રીત હતી. બીજી સ્કૂલોમાં દરેક વિષયનું સમયપત્રક નક્કી હોય છે. દાખલા તરીકે પહેલો પિરીયડ જાપાનીનો હોય તો તેમાં જાપાની ભાષા જ ભણવાની હોય, પછી બીજો પિરિયડ જો અંક ગણિતનો હોય તો બધાંએ અંકગણિત જ ભણવાનું. પણ અહીં

બધું જુદી જ ભાતનું હતું. પહેલો પિરિયડ શરૂ થાય એટલે શિક્ષિકા વર્ગમાં આવીને પહેલાં તો આખા દિવસના વિષયોની અને એના મુદ્દાઓની અને પ્રશ્નોની યાદી આપી દે ને પછી બાળકોને કહે - 'હવે તમારે આમાંથી જે શરૂ કરવું હોય તે કરો.' એટલે જાપાની કે અંકગણિત કે બીજો કોઈપણ વિષય શરૂ કરી શકતા. વિદ્યાર્થી પોતાના મનપસંદ વિષયની શરૂઆત કરી શકતા અને જે વિષય ઓછો પસંદ હોય એની સાથે પણ આખા દિવસમાં કોઈને કોઈ સમયે તો કામ પાડવું જ પડતું હતું.

આ શાળામાં વિદ્યાર્થીને વિષયોની ક્રમિક પસંદગી અંગે સ્વતંત્રતા હતી પણ ન ગમતો વિષય ન ભણવાની સ્વછંદતા અપાતી નહતી.

કોબાયાશી માનતા કે બધાં જ બાળકો મૂળે તો સારા સ્વભાવનાં હોય છે, પણ બહારનું વાતાવરણ અને મોટેરાંની અસરો ખરાબ હોય તો એ સારાપણાને નુકશાન થઈ શકે છે. એમનું ધ્યેય હતું કે આ સારા સ્વભાવને કાળજીથી ખીલવવો જેથી બાળક બધાંની વચ્ચે પોતાના આગવા વ્યક્તિત્વ સાથે વિકસતું રહે. બાળકોને તે એ પણ શીખવવા માંગતા હતાં કે 'દરેકનું શરીર, શરીરમાત્ર સુંદર હોય છે.'

આ સ્કૂલમાં કેટલાંક બાળકો પોલિયોવાળાં હતાં જેમ કે યાસુકી-ચાન. બીજાં કેટલાંક ઠીંગણાં હતાં. કેટલાંક અપંગ કે વિકલાંગ હતાં. જો આ બધાં પોતાનાં શરીર ઉઘાડાં રાખીને ઘડીભર સાથે રમે તો એમનામાં પડેલી શરમ દૂર થાય અને એથી એ લઘુતાગ્રંથિનો શિકાર (ભોગ) બનતાં અટકે. અને કોઈપણ વિદ્યાર્થી કે શિક્ષક, વિકલાંગ કે અપંગ વિદ્યાર્થીને અન્ય વિદ્યાર્થીથી જુદો કે નબળો છે એવું લાગવા દેતાં નહીં. એક શિક્ષિકાથી એવું અજાણતાં થઈ ગયું. તો સદાય શાંત, ધીરા, શીળા રહેનારા હેડમાસ્ટરજી કોબાપાશીનો ગુસ્સો પણ તેમણે સહેવો પડ્યો હતો. (તારે પૂંછડી છે? -લેખમાં)

આમ સમાનતાની ભાવના નીપજાવવાનો એમનો પ્રયત્ન હતો.

શાળામાં દરેક વિદ્યાર્થીને એક ઝાડ ફાળવવામાં આવ્યું હતું. જેની પર ચડવાનો અધિકાર તે વિદ્યાર્થીને જ રહેતો. તોત્તો-ચાનને પણ એક ઝાડ ફાળવવામાં આવ્યું હતું. ઝાડ પર ચડીને ત્યાંથી દેખાતાં 'સુંદર અને વિશાળ દશ્ય' જોવાની મજા તે માણતી. આ મજાથી તે પોતાના મિત્ર યાસુકી-ચાનને વંચિત રાખવા માંગતી નહતી. તે યાસુકી-ચાનને પોતાના ઝાડ પર ચડવાનું નિમંત્રણ આપે છે. ''નિસરણીના ઉપલા પગથિયે આમ આમ ઊંધા સૂતેલા યાસુકી-ચાનને ઝાડની ડાળી પરથી ખેંચથી તોત્તો-ચાનને જો કોઈ જોઈ ગયું હોત તો એણે જરૂરથી ચીસ પાડી હોત. કોઈપણ વડીલ માણસને આ લોકોની આવી ચેષ્ટા જોખમી જ લાગી હોત. પણ યાસુકી-ચાનને તોત્તો-ચાન પર પૂરો ભરોસો હતો. અને તોત્તો-ચાન પણ યાસુકી-ચાનને ઝાડ પર લાવવા પૂરું જોખમ ખેડી રહી હતી. પોતાના બન્ને નાનકડા હાથ વડે એ, એનામાં હતી એટલી તાકાતથી યાસુકીને ખેંચતી હતી. આકાશમાં એક મોટું વાદળ પસાર થતું હતું ને થોડી થોડીવારે આ બંને ઉપર છાંયડો કરીને એમને આકરા તાપથી બચાવતું હતું.'' મુશ્કેલીઓ અને હતાશાની ક્ષણોને હટાવીને તોત્તો-ચાન પોતાના બંધુમિત્રને ઝાડ પર સફળતાથી પહોંચાડે છે.

સ્વતંત્રતા અને સમાનતા જેવા મૂલ્યો કરતાં પણ બંધુતાની ભાવના ખીલવવી ખૂબ જ અઘરી છે. આ ભાવના ખીલવવા માટેના ઉમદા પાઠ 'તોમોએ' શાળામાં શીખવવામાં આવતાં હતાં.

બાળકોને ફક્ત પુસ્તકિયું જ્ઞાન જ આપવું એ કોબાયાશીનું લક્ષ્ય નહોતું. તેઓ મા-બાપને

કહેતાં કે તમારાં બાળકોના ભોજનના ડબ્બામાં 'થોડુંક સમુદ્રમાંથી ને થોડુંક પહાડમાંથી' આપો. સમુદ્રમાંથી એટલે જલ આહાર અને પહાડમાંથી એટલે સ્થળ-આકાર. તેઓ બાળકોને ચાવીને ખાવાનું શીખવતાં અને ગવડાવતાં કેઃ

''ચાવો ચાવો ચાવો સારી રીતે,
જે કંઈ ખાઓ તે ચાવો ખાસ;
ચાવો રે ચાવો રે તમે ચાવો,
ભાત અને માછલી ને માંસ.''

કોબાયાશી જાણતાં કે બાળકોને ચૉકથી લખવું બહુ ગમે. તેથી તેઓ અઠવાડિયામાં બે વખત સંગીતના ક્લાસ વખતે બાળકોને ભોંયતળિયે જ ચૉકથી ચિતરામણ કરવા દેતાં. અને ભોંયતળિયું સાફ પણ બાળકો જ કરતાં. બાળકોને જાહેરમાં બોલવાની તક મળે માટે તેઓ બધાં જમતી વખતે ભેગા થાય ત્યારે દરરોજ એક જણને કંઈક બોલવા દેતા. જે બોલવું હોય તે, જેના વિશે બોલવું હોય તે. ખેતીના જ્ઞાન માટે પાસેના ખેતરમાંથી એક ખેડૂતને બોલાવેલા. ઝાડની માવજત કઈ રીતે કરવાની તે માટે દરેકને પોતાની માલિકીનું એક ઝાડ આપ્યું હતું. 'રમતોત્સવના' દિવસે ઈનામમાં શાકભાજી મળે અને તેથી બાળકોને લાગે કે ઘરના સાંજના ભોજનમાં એમની મહેનતની કમાણીનું કંઈક ઉમેરાયું છે.

'સર્જનાત્મક શિક્ષણ શ્રેણી'ની આ કથાના દરેક પ્રકરણમાંની ઘટનાઓ, પ્રસંગો, પ્રવૃત્તિઓ, વ્યક્તિપરિચય કે સંવાદરચના દ્વારા જીવનઘડતરના પાઠોની સમજ સરસ રીતે પ્રગટ થાય છે. પ્રામાણિકતા, વિશ્વસનીયતા, સ્વશિક્ષણ, મનોમંથન, નિરીક્ષણશક્તિ, નિખાલસતા, સાહસિકતા, કલ્પનાશિલતા - તે માટે મુક્ત વાતાવરણ, જિજ્ઞાસાવૃત્તિ, ખેલદિલી, મૈત્રી, વિનય અને સૌથી મોટી બાબત તે આત્મવિશ્વાસ - આ બધા ગુણો ક્યાંકને ક્યાંક અન્વેષિત થતાં જોઈ શકાય છે.

જીવનને જીવંત કરી મૂકે એવા ઘણાં પ્રસંગો અહીં આલેખાયા છે. પણ આ બધામાંથી વાચતાં-વાચતાં આપણી આંખના ખૂણે અશ્રુબિંદુ જામી પડે એવા પ્રસંગોમાં 'યાસુકી-ચાન હવે નથી.' - જેમાં તેના મિત્રના મૃત્યુની વેધકતા આપણને હચમચાવી મૂકે છે. તો 'રૉકી ક્યાં ગયો?' - જેમાં પોતાના પ્યારા કૂતરાને ગુમાવ્યાનો ખેદ વ્યક્ત કરતું તોત્તો-ચાનનું સુંદર ભાવચિત્ર રજૂ કર્યું છે. 'સાયોનારા-સાયોનારા'માં તોમોએ સ્કૂલનું-હેડમાસ્ટરજીનું એક મહામૂલું સ્વપ્ન જ્યારે આગમાં કોકડું વળી જાય છે અને પોતાના પુત્ર સાથે હેડમાસ્ટરજી ઊભા-ઊભા આ શાળાને સળગતી જોઈ રહ્યાં હતાં. તે દશ્યનું વર્ણન ધારી અસર ઉપજાવે છે.

સરિતાની ખળખળ વહેતી સરળતા, નાના બાળકો, વૃદ્ધો વાંચી શકે તેવા પદ્યોમાં લય, પ્રાસ, તાલ તેમજ રસમધુર વાર્તા-કથનની શૈલી દ્વારા લેખિકાએ જે વ્યક્ત કર્યું છે તે પોતીકું જ લાગે છે. તેનું કારણ ગુજરાતી ભાષાની આગવી છટામાં થયેલો અનુવાદ છે.

ઉદા.:

- 'બપોરનો સોનેરી તડકો તેના ખભા પર વરસતો હતો.'

- 'તોમોએ શાળાના બધાં જ બાળકો નાહીનાહીને બૅરીના ફળ જેવા એકદમ ભૂરા રંગના બની ગયાં.'

- 'બરફ પીગળે છે.

ને અચાનક આખુંય ગામ

ઉભરાય જાય બાળકોથી.'

જાપાનમાં 'બેસ્ટ-સેલર' થયેલું તેમજ અન્ય યુરોપીય ભાષાઓમાં અનુદિત આ પુસ્તકનો ગુજરાતી અનુવાદ ગુજરાતી ભાષા અને સાહિત્યનાં પરિણામોનાં સાતત્ય અને રસાળતા સાથે આવે છે.

શ્રીમતી લિલિયન સ્મિથ લખે છેઃ ''બાળપણની અસરો ચિરસ્થાયી હોય છે તથા એ અસરોનો સરવાળો એટલે પુખ્તવયે સાકાર થતું વ્યક્તિત્વ સાચું હોય, ખરેખર બાળક એ વ્યક્તિત્વનો જનક છે.''

તોત્તો-ચાન આપણને કહે છે - સાહજિક રીતે અપાતા શિક્ષણની વાત. તેત્સુકો ચાલીસેક વર્ષની પાછલી મજલ કાપીને પહોંચી જાય છે પોતાના બાળપણના એ સમયખંડમાં અને મળે છે પોતાને જ. 'તો-ત્તો-ચાન'ને, જેનો અર્થ થાય છે 'આનંદ-ઉમંગની બારી.'

તેત્સુકોએ પોતાના બાળપણને, તોમોએ નામની પોતાની નિશાળ અને તેના સ્થાપક આચાર્ય સોસાકુ કોબાયાશીનાં મીઠાં-મધુરા સ્મરણો નાના-નાનાં પ્રસંગરૂપે આ પુસ્તકમાં આપેલા છે. પોતાના અનુભવોને વાચકો સામે રજૂ કરવાની અદમ્ય ઈચ્છાને પરિણામે લેખિકાએ આ કૃતિ તૈયાર કરી.

'તોત્તો-ચાન'માં ચિહિરો ઈવાસાકીએ દોરેલાં ચિત્રો, જે દુનિયાના કોઈ બીજા ચિત્રકારે ભાગ્યે જ બાળકોનાં આટલાં જીવંત ચિત્રો આલેખ્યાં હશે એમ લેખિકા માને છે. દરેક પ્રકરણને અનુરૂપ તેમ જ બાળકોની ભાવમુદ્રા અને મુખમુદ્રા સાથેના વિવિધ રેખાંકનો મૂક્યાં છે.

બાળસહજ લાગણીઓને નિખાસલ રીતે અભિવ્યક્ત કરી છે. બારી પાસે ઊભેલી બાલિકા, ડેસ્ક ઉઘાડ-બંધ કરતી, રૉકી (કૂતરો)ને પ્રગતિપત્રક બતાવતી, યાસુકી-ચાનને ઝાડ પર ચઢાવતી, યાસુકી-ચાનના અને રૉકીના મૃત્યુ પ્રસંગે રડતી, તોમોએ શાળામાં શિક્ષિકા બનવાનું વચન આપતી 'તોત્તો-ચાને' દરેકના દિલમાં સ્થાન મેળવ્યું છે.

સત્ય ઘટનાઓનું સંકલન હોવાથી ક્યાંય અતિશ્યોક્તિ કે અતિરંજકતાનો આશ્રય લેવાયો નથી. આખી કૃતિના તન્તુઓ તન્તુમાં ફક્ત લાગણીઓ જ પ્રાધાન્ય ભોગવે છે.

કિલકિલાટ, કૂતુહલ, તોફાન અને આનંદમસ્તીમાં નાચતી-કૂદતી કથાનો અંત યુદ્ધની આગમાં ગરકાવ થાય છે ત્યારે આપણા હૃદયની લાગણીના તારને એ ઝણઝાણાવે છે.

'તોત્તો-ચાન'માં આવતાં પાત્રો અને 'તોમોએ' શાળામાં ભણતા તેના સહાધ્યાયીઓ અત્યારે ક્યાં છે અને શું કરી રહ્યાં છે તેની નોંધ આ પુસ્તકના અંતમાં આપી છે જે વાચકની જિજ્ઞાસાવૃત્તિને સંતોષે છે.

આજનું માહિતીપ્રધાન શિક્ષણ-નોકરિયાતોને બનાવે છે. પણ શું ખરા અર્થમાં મનુષ્ય બનાવે છે? આજની વ્યવસ્થા દરેક માણસની અમર્યાદ મહત્વાકાંક્ષાને ઉશ્કેરે છે. એ મહત્વાકાંક્ષા પરિપૂર્ણ

કરવા સ્પર્ધાનો ભાવ જાગે છે અને સાથે બીજા પ્રત્યે દ્વેષ પેદા થાય છે અને વ્યક્તિ ગેરમાર્ગે દોરાતો જાય છે. આજની શિક્ષણપ્રથાએ નવી પેઢીને પરોપજીવીપણું, બેકારી, હતાશા, હિંસાખોરી સિવાય કશું જ આપ્યું નથી. માણસને મનુષ્ય માટેની ધિક્કારની લાગણીમાંથી પાછો વાળવા, શિક્ષણ પદ્ધતિમાં આમૂલ પરિવર્તન લાવવા, 'તોત્તો-ચાન' બારી ઉઘાડનાર છે.

આપણે ત્યાં ગિજુભાઈ બધેકા, હરભાઈ ત્રિવેદી, જુગતરામ દવેએ બાળકેળવણીમાં કરેલા વિશિષ્ટ પ્રયોગો તેમજ રવીન્દ્રનાથ ટાગોર, આચાર્ય ગિદવાણી, આચાર્ય કૃપાલાની, નાનાભાઈ ભટ્ટ તેમજ મનુભાઈ પંચોળીના પ્રદાનને આજે પણ યાદ કરીએ છીએ. પરંતુ ચોતરફ છવાયેલાં હિંસાવૃત્તિ અને ભ્રષ્ટાચારના પ્રદૂષિત વાતાવરણથી જ્યારે શિક્ષણ-ડહોળાયું છે ત્યારે આવા પુસ્તકનું આગમન ઘણાંના સ્વપ્નોને જગાડનારું, સંચાર પ્રેરનારું, આશા જગાડનારું, નોળવેલની ગરજ સારનારું બની રહે તેમ છે.

આજે આપણે સૌ જાણીએ છીએ તેમ આજના શિક્ષણથી કંટાળીને બાળકો અધવચ્ચેથી શાળા છોડી દે છે ત્યારે 'તોમોએ' જેવી શાળાઓ ચારેબાજુ વ્યાપેલી હિંસાવૃત્તિ, ભ્રષ્ટાચારને ઓછું કરવામાં જરૂરથી મદદ કરી શકે તેમ છે. આપણે ત્યાં ઘણી શાળાઓમાં આવા પ્રયોગો થયાં છે. પરંતુ અત્યારે વધી રહેલાં કૉન્વેન્ટ કલ્ચર, અંગ્રેજીનું ઘેલું, કડક શિસ્તપાલન અને માહિતિજ્ઞાનના બોજ તળે બાળકોનું બચપણ ખોવાઈ રહ્યું છે. ત્યારે આ પુસ્તક આપણને 'બાળકની કલ્પનાશિલતા, સંવેદનશીલતા, સ્વતંત્રતા, સમાનતા, બંધુતા જેવા મૂલ્યોના વિકાસમાં જરૂરથી મદદ કરી શકે તેમ છે.

એવું જરૂરી નથી કે આવી જ શાળા સ્થાપવી કે આ જ શિક્ષણપદ્ધતિનું સીધુ અનુકરણ કરવું. પોતાની આસપાસના વાતાવરણને અનુકૂળ, અનુરૂપ આગવી ટેકનિકને અપનાવી, બાળકનો સર્વાંગીણ વિકાસ જરૂરથી સાધી શકાય અને જવાબદાર નાગરિક બાળક બની રહે તેવું શિક્ષણ પૂરું પાડવા માટે આ પુસ્તક ઉપયોગી નીવડે તેવું છે.

ગઈકાલની આ નાનકડી બાલિકા તોત્તો-ચાન આજે તો તેત્સુકો કુરોયાનાગી નામે આખા જાપાનમાં ટેલિવિઝનની વિખ્યાત કલાકાર તરીકે જાણીતી છે. યુનિસેફમાં જાપાની સદભાવનાદૂત તરીકે નિમાયેલી આ લેખિકા, આ પુસ્તક દ્વારા આપણને સૌને એક શક્તિમંત સંદેશો આપી જાય છે.

''પ્રફુલ્લિત થવા દો અગણિત પુષ્પોને
અને રચવા દો મુક્ત સંઘર્ષ હજારો વિચારધારાઓ વચ્ચે...''

સંદર્ભ સૂચિ:

(૧) તોત્તો-ચાન - તેત્સુકો કુરોયાનાગી અનુવાદઃ શ્રી રમણ સોની
(૨) પરબ - માર્ચ-૨૦૦૨ - 'તોત્તો-ચાન' વિશેષાંક.
(૩) અખંડ આનંદ - ઑગસ્ટ ૨૦૦૧
(૪) ગ્રંથવિમર્શ - ડિસેમ્બર ૨૦૦૨
(૫) ગ્રંથવિમર્શ - જાન્યુઆરી ૨૦૦૨
(૬) સામંજસ્ય - વિજય શાસ્ત્રી

❑❑❑

''ભવાઈ વેશમાં નારી જીવનની સમસ્યા અને સમાજ દર્શન''

Dr. (Mr.) Hardik D. Mehta

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કવિ અસાઈત ઠાકર ભવાઈ વેશો લખીને અમર બન્યા છે. તેમના ભવાઈ વેશોમાં સામાજિક સંદર્ભ સવિશેષ આલેખાયો છે. ધાર્મિક, સામાજિક સમસ્યાઓને તેમણે વાચા આપી છે. તત્કાલિન સામાજિક રીત-રિવાજો, રૂઢિઓ, લોકમાન્યતાઓ, અંધશ્રદ્ધા, વહેમ, જડતા, દુરાચારો, અજ્ઞાન વગેરે ઉપર ભવાઈવેશો લખીને લોકજાગૃતિનું કાર્ય કર્યું છે. જ્ઞાતિબંધનો અને સામાજિક બંધનો ઉપર પ્રકાશ પાડ્યો છે.

તેમણે તેમના ભવાઈવેશોમાં નારી જીવનની ભાવનાઓ પણ આલેખી છે. નારી એ શક્તિનું પ્રતિક છે. તેનામાં ઉચ્ચ એવી ભાવનાઓ રહેલી છે. તેનામાં સતીત્વ રહેલું છે. તેનામાં છૂપી એવી શક્તિઓ પડેલી છે. સ્ત્રીએ એ અબળા છે. તો સાથે સબળા પણ બની શકે છે. આમ નારી જીવનની સમસ્યાઓ તેની ભાવનાઓ કવિ અસાઈત ઠાકરે તેના ભવાઈ વેશોમાં ચીતરી છે. નારી જીવનની સંવેદનાઓ તેની અવહેલના, લાચારી, મજબૂરી, ત્રસ્ત એવી જિંદગી, પરવશતા, નિરાધારપણુ વગેરે દર્શાવીને કવિ અસાઈતે લોક શિક્ષણનું કાર્ય કર્યું છે. સમાજ સુધારણા દર્શાવી છે. નારી ઉત્થાનનું કદમ ઉઠાવ્યું છે. એમાં તેના ''જસમા ઓડણ'' એ ભવાઈવેશમાં જસમાના પાત્ર દ્વારા નારી શક્તિનો પ્રકાશ પાડ્યો છે. ત્રસ્ત નારીની સંવેદના તેમાં રજૂ કરી છે. જ્યારે પાટણનરેશ રાજા સિદ્ધરાજ સોલંકી પાટણમાં સહસ્ત્રલિંગ તળાવ ખોદાવતો હતો ત્યારે ઓડ જાતિના અનેક સ્ત્રી પુરૂષો કામ કરતા હતા. તેમાં જસમા નામની એક સ્વરૂપવાન નારી પણ કામ કરતી હતી. તેના ઉપર રાજા સિદ્ધરાજ સોલંકી એ કુદ્રષ્ટિ કરી હતી. એ તેને પટરાણી બનાવવા માંગતો હતો. તેણે ઘણી દુચેષ્ટાઓ પણ કરી હતી. પરંતુ આ રૂપરૂપનાં અંબાર સમી સૌંદર્ય નારી જસમા તેને તાબે થતી નહોતી. રાજા સિદ્ધરાજે તેને અનેક પ્રલોભનો આપ્યાં હતા, ધમકીઓ આપી હતી છતાં આ ચરિત્રવાન નારી અડગ રહેલી. પણ અંગ્રેજીમાં કહેવાયું છે તેમ "Love is Blind" એટલે કે પ્રેમ એ આંધળો છે. ગુજરાતીમાં પણ કહેવાય છે કે-

''ઊંઘ ન જુએ ફાટી ખાટ,

ભૂખ ન જુએ ટાઢો ભાત

અને પ્રેમ ન જુએ જાત-કજાત''

એમ રાજા સિદ્ધરાજ જસમાના રૂપ પાછળ પાગલ-આંધળો બન્યો હતો અને જસમાને પોતાની કરવા આકાશ-પાતાળ એક કરતો હતો. પરંતુ જસમામાં સતીત્વ હતું. પોતાનું શીલ સાચવવા તે અડગ બની હતી. આવી પછાત જાતિની નારી જસમાના રૂપ પાછળ ઘેલો બનેલો રાજા સિદ્ધરાજ ફિટકારરૂપ બન્યો હતો. તેની મહાનતાને લાંછન રૂપ કાર્ય કરતો હતો. રાજા હોવાથી સમાજમાં કોઈ બોલી શકતું નહોતું અને અંતે જસમા રાજા સિદ્ધરાજને તાબે થતી નથી અને આત્મહત્યા કરીને પ્રેમની વેદી પર બલિદાન આપે છે. આમ આ ભવાઈવેશનો અંત કારુણ્યસભર છે. ત્રસ્ત નારીની સંવેદના, વેદના, દુઃખ દર્દ વગેરેને કવિએ રજૂ કર્યા છે. તો સાથે સાથે અંતે જસમા મૃત્યુ પહેલાં રાજાને શાપ આપે છે કે ''તારા આ સહસ્ત્રલિંગ તળાવમાં પાણી થશે નહીં.'' આમ આ શાપ

દ્વારા ધાર્મિક એવી ભાવના અને જસમાનું સતીત્વ પ્રગટ કર્યું છે.

જસમાના વેશને ભવાઈ વેશોમાં સૌથી વધુ લોકપ્રિય વેશ તરીકે ગણાવી શકાય. તેની લોકપ્રિયતાનાં કારણો ઘણાં છે. આ વેશમાં પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહનું મુખ્ય પાત્ર છે. આ રાજા ગુજરાતી લોકોમાં ખ્યાત છે. વળી પાટણ અને સહસ્ત્રલિંગ સરોવરની વાત ઉત્તર ગુજરાતના વિસ્તારનાં ગામડાને ગમતી છે. વળી આપણે ત્યાં ઈતિહાસ અને દંતકથા એટલાં સેળભેળ થઈ ગયા છે કે જુદા પાડી શકાય નહીં પ્રસિદ્ધ ઈતિહાસકાર 'દુર્ગાશંકર શાસ્ત્રી' જેવાએ જસમા અને સિદ્ધરાજ અંગેની આ કથાને ઐતિહાસિક કહી નથી. વળી આવો રાજા પ્રિય રાજા એક ઓડ સ્ત્રી પાછળ લટ્ટુ બને તે માની શકાય તેમ નથી. વળી સિદ્ધરાજે તો રાજગૌરવ સાચવીને જ સરોવરનું બાંધકામ કરાવ્યું હતું.

જસમા ઓડણનાં વેશમાં સિદ્ધરાજ જયસિંહ રાજદરબારના બારોટના મુખેથી જસમાના સૌંદર્ય વિશે સાહિત્યિક અને કાવ્યમય વાણીમાં ખૂબ વખાણ સાંભળે છે. તેથી આવી સુંદર સ્ત્રી મેળવવા આકર્ષણ થાય છે. આ માટે તે યુક્તિ અને પ્રયત્ન કરે છે. તેમાં સહસ્ત્રલિંગ સરોવરનું ખોદકામ કરવાનું હોવાથી સોરઠની ઓડમંડળી તેડાવે છે કે જેમાં આ સુંદર જસમાને મેળવવા પ્રયત્ન કરે, પણ જસમા તરફથી પ્રતિસાદ મળતો નથી. રાજા ક્રોધિત થાય છે. અને તેના પતિ રૂડિયા સહિત બધા ઓડોની હત્યા કરાવે છે. તેથી જસમા સતી થાય છે. આપણો જસમાનો વેશ તો ભજવવા અને દ્રશ્યમાન કરવા માટે જ છે, સાહિત્યમાં તેનું સ્થાન હોય કે ન હોય, મહત્વની વાત સમાજદર્શનની છે. વેશનો હેતુ લોકરંજનની સાથે સાથે નૈતિક જીવનનાં મૂલ્યો સમજાવવા અને લોક જાગૃતિ લાવવી તે મુજબ છે. જસમાના વેશમાં ચારેબાજુનું અને અઢારે વર્ણનું સમાજદર્શન જોવા મળે છે. આ વેશની લોકચાહના તેની સમાજપ્રિયતાને જ આભારી છે.

આ વેશની ભૂમિકા આ રીતે બંધાય -

રંગલોઃ- અરે, ભાઈ નાયક.

નાયકઃ- હે રંગલા!

રંગલોઃ- આ વેશ કોના કહીએ?

નાયકઃ- આ વેશ ઓડના કહીએ... જસમા ઓડણના કહીએ... સતી જસમાના કહીએ.

રંગલોઃ- હે! અપ્સરા?

નાયકઃ- હા, અને એક ઋષિનું તપ ચળાવવાના દોષથી તે માનવજાતમાં જનમી.

રંગલોઃ- એ વાત વિસ્તારીને કહો.

નાયકઃ- હે રંગલા, એ વાત તું સાંભળવાને બદલે નજરે જ જો.

આ ભૂમિકા કે પ્રસ્તાવના કોઈપણ લોકગમ્ય નાટ્યકૃતિ માટે પ્રેરક થાય તેવી છે.

જસમાનો વેશ આબેહૂબ સમાજદર્શન કરાવે છે. ગુજરાતીઓ કોઈપણ કાળે પોતાની લાક્ષણિકતાઓ પ્રગટ કરી દે છે. પ્રેમાનંદનનાં આખ્યાનોમાં આખેઆખો ગુજરાતી સમાજ ચીતરાયો

હોય તો અસાઈત કે તેની ભવાઈની પરંપરામાં એ વાત ક્યાંથી બાકાત રહે? આ વેશનાં સંવાદોમાં ડોકિયું કરીએ કે તરત આ તો ગુજરાતી સમાજની વાત છે, આ તો આપણી જ વાત છે. એમ સૌ સ્વીકારે છે. નારી ઋષિ અને અપ્સરા કામકુંડલાની વાત આપણી પૌરાણિક પરંપરાનું અનુકરણ લાગે છે. ઈન્દ્ર, ઋષિનું તપ ભંગ કરાવે અને પરિણામે ઋષિ અને અપ્સરા એકબીજાના શાપથી રૂડિયો અને જસમાના અવતારે જન્મે છે. પણ આ પૂર્વભૂમિકારૂપે રજૂ થયેલી વાત પ્રેક્ષકોની રસ-રુચિને ઉત્તેજક-પોષક બની રહે છે. પછી વેશનો તંતુ લંબાય છે.

રંગલોઃ- અરે ભાઈ નાયક, આ તો ભારે થઈ. પેલા ઋષિ મહારાજે શાપ દીધો ને રૂપાળી અપ્સરાએ સામો શાપ દીધો હવે શું થશે?

નાયકઃ- અરે રંગલા, હવે જ જોવાની ખરી મજા છે. એ મુનિરાજ અને અપ્સરા બંનેએ પૃથ્વી પર જનમ લીધો છે.

તપસી લપસી પડ્યા અને શાપ દીધો. એક રૂપાળી અને એક કાળો કુબડો. ભવાઈમાં ગૃહસ્થ જીવનને કેવું વણી લેવામાં આવ્યું છે તેનો લાક્ષણિક નમૂનો જોઈએઃ-

ઓડણઃ- ઘરમાં કોનું ચાલે?

ઓડઃ- મારું.

ઓડણઃ- તમારું? તમારું? (મારવા જાય છે.)

ઓડઃ- (મારવા જતાં જતાં) કેવી મારી, કેવી મારી?

ઓડણઃ- એ ગગી તો મારી શોક્યની, મારે શું? હું તો એની ઓરમાનમાં. હું તો રંગે રમવા પેરવા ઓઢવા આવી છું. ખરું કહી દઉં છું, હા.

જસમાઃ- આવી કાકી, આ મારી માસી મને બહુ મારે છે, શું કરું?

ઓડઃ- હા બેટા, મનેય બહુ મારે છે... અરે ભૂલ્યો... હું એને મારીશ, હોં.

આટલા સંવાદમાં તો ગુજરાતી સમાજનું આબેહૂબ દર્શન કરી શકાય છે. ગૃહસ્થ જીવનમાં પુરૂષની સત્તા ચાલે કે સ્ત્રીની? એ પ્રશ્નનો જવાબ આજે પણ ઉકેલાયો નથી. તો ઓડણ સમજાવે છે, હજી આ કોયડો એવો ને એવો જ છે. માત્ર ગ્રામીણ જીવનનો જ આ પ્રશ્ન છે એવું નથી, શહેરી જીવનની પણ આજ સમસ્યા છે. નવી શિક્ષણવ્યવસ્થા અને નોકરી કરવાના વ્યવસાયમાં સ્ત્રી-પુરૂષ, પતિ-પત્ની બેમાંથી કોની સત્તા ચાલે? કોઈ અંતિમ જવાબ નથી. આ ઓડણ-ઓડનો સંવાદ આ રીતે આપણા સમાજદર્શનનો તાદશ્ય નમુનો છે.

આ વેશમાં એક બીજી સમસ્યાનો સંકેત પણ આપણી સમાજ રચનાનો જે એક અંશ છે. પોતાની મા, જનેતા અને અપરમા, માસી કે શોક્યની વાત અહીં ઓડણના પાત્ર દ્વારા રજૂ થઈ છે. પોતાની શોક્યની દીકરી અને તે પણ રૂપાળી હોય તો કોઈ નવી મા તે જીરવી શકે? જાત જાતના નુસખા કાઢી, પતિને ઊઠાં ભણાવી ગમે તેવા કાણાકુબડા મુરતિયાને શોધી પરણાવી દેવાની વેતરમાં જ હોય છે અને અહીં એજ વાત આલેખાઈ છે. નારા ઋષિના શાપ સાથે આ વાત અનુસંધાન કરતી હોવાથી, એક અપરમાની વેતરણ સાથે બંધબેસતી થઈ જાય છે. વેશની વસ્તુસંકલના માટે આ વાત

મહત્વની રહે છે. ઘટના ક્યાંથી ક્યા ઘટે છે. અને તાણાવાણા ક્યાં ગૂંથાય છે. તેની કરામત અહીં જોવા મળે છે. ભવાઈના વેશ કંઈ અમથા થઈ જતા નથી, તેની પાછળ આખું લોકમાનસ વળગેલું હોય છે. ગુજરાતી લોકમાનસનું અજબ દર્શન આ વેશમાં ડગલે ને પગલે થાય છે. દીકરી મોટી થાય ત્યારે મુરતિયો શોધવાની મા-બાપની ચિંતા તે ઘર-ઘરનો પ્રશ્ન છે. આ વેશમાં પણ તેનો કેવો સંકેત મળે છે. તે જોઈએ-

ઓડઃ- જો હવે ગગીને ન મોકલીશ બહાર. તું જજે ગધેડાં ચારવા અરે, આપણી ગગીને કેટલાં વરસ થયાં?

ઓડણઃ- સત્તર, સત્તર વરસ, મુરતિયો વીસ વરસનો જોઈએ.

ઓડઃ- બે દસ-દસ વરસના ચાલે?

ઓડણઃ- આ ગધેડા સાથે રહીને તમારીય અક્કલ એમના જેવી થઈ ગઈ છે. આ સકળ સભાને પૂછો કે બે મુરતિયા ચાલે?

ઓડઃ- ભૂલ્યો, ભૂલ્યો બાપલા. લે હવે હું મુરતિયો શોધવા જાઉં છું. તું ગધેડાંને અને ગગીને સાચવજે.

આટલા સંવાદમાં ગૃહસ્થજીવનની સ્થિતિ વર્ણન તો છે, પણ સાથે સાથે હળવી ક્ષણો પણ માણવા મળે છે. સત્તર વરસની છોકરી માટે વીસ વરસના છોકરાની શોધ એ ઓડણનો પ્રશ્ન નથી, આખા ગુજરાતી સ્ત્રીસમાજની સમાજનો પ્રશ્ન છે. પછી બે મુરતિયા શોધવાની વાત આવે ત્યારે આખું પ્રેક્ષકવૃન્દ હાસ્યની છોળો ઉડાડે છે. જસમાના વેશની વાત વિવિધ દૃષ્ટિકોણ ધરાવે છે.

સાયબા સલૂણા નાની નણદલના વીરા

અરે ગળે મને આછા આછા ઘાટ ઘડાવો.

નાની નથડી ઘડાવો

માંહી ઝીણા ઝીણા હીરા જડાવો.

મારા સાયબા ઝીણા ઝીણા હીરા જડાવો.

આ લગ્ન ગીત, સંવાદ, ગાયન, વાદન અને વર્તન બધું ગુજરાતી જનસમાજની પ્રતિનિધિ વ્યક્તિઓને વળગેલું છે. આ બધી ક્રિયાઓમાંથી પસાર થવું જ રહ્યું. શેઠ હોય કે નોકર, અમીર હોય કે ગરીબ, બ્રાહ્મણ હોય કે શૂદ્ર, પ્રજાપતિ હોય કે પટેલ, દરેક વર્ગને પોતપોતાની રીતે આ પ્રક્રિયાના તબક્કામાંથી પેલે પાર જવું પડે છે. આ ક્રિયા એ જ સમાજસ્થિતિ.

આ લગ્ન પ્રસંગ પછી વસ્તુનો દોર ફંટાય છે. બારોટ અને સિદ્ધરાજનું આગમન થાય છે. આખા વેશની દિશા ફરી જાય છે. બારોટે પદ્મિની સ્ત્રીનું વર્ણન કર્યું અને ઓડ જાતિના ક્ષત્રિય તરીકે ગણાવી ત્યારે સોરઠના ઓડ લોકોને તળાવ ખોદવા બોલાવવાની વાત સ્વીકારાઈ. અડધો લાખ ઓડ અને સવા લાખ ઓડણી તૈયાર થઈ. વિજયાદશમીની રાત્રે ઉચાળા ભર્યા અને પાટણ પ્રયાણ કર્યું, જેસંગ સામો મળ્યો.

પછી રાજા અને જસમાનો સંવાદ આ વેશની પરાકાષ્ઠા છે.

રાજા:- જસમા, તારે ખોદવી કાં, મારી રે બનો, મારી રાણી રે

જસમા:- મને ગમે મારી માટી રે, નથી બનવું મારે રાણી રે

રાજા:- જસમા, તને શીરો ને સેવ, આવા રોટલા ન ખાવા રે

જસમા:- શીરો ને સેવ રાણીને સોહાય, અમને ભલા છે રોટલા રે

રાજા:- અરે મૂઓ તારો સોરઠ દેશ, અમ ઘેર આવજો રે

જસમા:- અરે મૂઓ તારો પાટાણ દેશ, પાણી વિનાનો ટળવળે રે

જસમા અંલકારો-આભૂષણો કે લાલચથી માનતી નથી. બારોટ પણ વચ્ચે કાલાવાલા કરે છે, પણ દાળ ગળતી નથી. કોઈપણ વેશમાં જનસમાજની અસર હોય છે. તેથી આ વેશ વધુ લોકચાહના મેળવે છે.

છેવટે રાજા શસ્ત્ર ઉગામે છે-

રાજા:- કેમ હજી માનવું છે કે નહીં?

જસમા:- એ તો કદાપિ બને નહીં આ જીવ છે ત્યાં સુધી આ જાત કોઈને હાથ નહીં આવે.

રાજા:- હજી તને એટલું ગુમાન છે?

બારોટ:- પેલા કાળિયા-દૂબડાને દૂર કરો તો એનો વિચાર કંઈ ફરે.

(રૂડિયાને મારી નાખે છે) પછી આવતી ક્રિયા આપણા સમાજની એક ઘટના જ છે.

ઓડ-ઓડણ:- અરે રંડાપો જસમા નારીને રે

કે સૂનો સોરઠ દેશ,

જસમા:- અરે રે કાંકણ ઉતાર્યાં ચૂડલા મારો બેલીડો પહોડ્યો રે મસાણ

પાટાણ થાશે રે પાયમાલ એક પીરાના રે પ્રતાપથી

એ... મહેલના ઠેકાણે મસીદ રે એક જસમાના શાપથી.

એ... મહેલ ઠેકાણે મસાણ સુણજે પાટાણના ધણી.

અને વારે વારે લઉં છું વા'લાના વધામણાં

અરે વારે વારે લઉં છું વા'લીડીના દુઃખડાં

કેમ રે સિધાવ્યા મોઝાર આવું છું તારી સાથમાં.

વેશની આ ઘટના પ્રેક્ષકવૃંદને જિજ્ઞાસા અને કુતુહલ પ્રેરે છે. એ તો ખરું જ, પણ આખું દશ્ય જોવા માટે જકડી રાખે છે. કોઈ પણ વેશની આ આધારશિલા છે.

ફકીર:- અરે તેરે લિયે મૈંને લિયા ફકીરોં કા વેશ

મેરે તો અલ્લા બેલી હૈ

હમ એક સતી કે શાપ સે મક્કા સે યહાં આયા હૈ

લોકો, નાયક, ઓડઃ જુલમ ગુજરા હૈ, સારી રૈયત કો સતાયા હૈ.

ફકીરઃ- વો સબ તો ઠીક હૈ લેકિન અબ યે દો નું કો સજીવન કરના હૈ તો સવાપાંચ રૂપિયા લાવ.

નાયકઃ- સતીના નામ પર કોઈ સવા પાંચ રૂપિયા આપો... સકળ સભાને વિનંતી છે. સભામાંથી કોઈ સવા પાંચ રૂપિયા આપે છે. ફકીર રૂડિયો તથા જસમાને સજીવન કરે છે. બંને ગાવા માંડે છે.

(બેઠો થઈને) રૂડિયોઃ ધોળકાની જામફળ મને તો મીઠાં લાગે

એઈ જસુમાડી ઊઠ સવાર થયું.

તળાવ ખોદવા જવાનું છે.

(ગાતાં ગાતાં) જસમાઃ એ... અમે આવ્યાં રે અલબેલાં જી

અમને સાસુ સંતાપે

નાગદલ દે છે મહેણાં જી

અમે આવ્યાં સાસરે અલબેલા જી.

(વેશ પૂરો થાય છે.)

જસમાના વેશમાં બાહ્ય તેમ ભીતર એટલી બધી શક્યતાઓ રહેલી છે, કે તેનો વિવિધ દૃષ્ટિકોણથી અભ્યાસ થઈ શકે છે. આ એક ભવાઈવેશ છે તો જાણે એક અકસ્માત છે. અહીં ધરતીપુત્રીની વાત છે, તેથી અમને તો સતી સીતા કે જે ધરતીપુત્રી હતી તેનાથી માંડી એ જ માટીની પુત્રી સતી જસમા સુધી સરખાવવાનું મન થાય છે. ચરિત્ર માટે જાન કુરબાન કરવાની વાત આપણા ધર્મને માફક આવે તેવી છે. રૂડિયા અને જસમાનો છેલ્લો સંવાદ પણ આપણા દામ્પત્યજીવનની અને ઘરની યાદ તાજી કરાવે છે. સાસુ નાણંદની વાત આજની નવી નથી, જસમાના સમયમાં પણ એમ જ હતું. આપણી સામાજિક સમસ્યાઓ પરંપરાથી ચાલતી આવી છે. હજી આપણે તેની પકડમાં છીએ. આજે પણ ભ્રષ્ટાચાર, મોંઘવારી, કુટુંબ કલ્યાણ, દહેજ, રાષ્ટ્રીય એકતા, દારૂબંધી, બેકારી નિવારણ, સાક્ષરતા અભિયાન, બાળલગ્ન, જળસંકટ નિવારણ રાષ્ટ્રીય સુરક્ષા, કૅન્સર અને એઈડ્સ રોગનિવારણ વગેરે જેવા સંખ્યાબંધ પ્રશ્નોની રજૂઆત માટે ભવાઈનું સ્વરૂપ ખપમાં આવે તેવું છે. વળી નાટક દ્વારા સમાજસુધારણા કરવાની વાત આપણા ગુજરાતી સાહિત્યના સુધારાયુગ અને પંડિતયુગના નાટ્યકારોએ પણ અજમાવેલી છે. ડૉ. સુધા દેસાઈએ ભવાઈ વેશોમાં ગામેગામની સામાજિક જ્ઞાતિઓનું વર્ગીકરણ કરી તેમના વ્યવસાય પ્રમાણે તેઓ પોતાની લાક્ષણિકતાઓ રજૂ કરે છે તેનું આ વેશમાં દર્શન કરાવ્યું છે. અને આ જ સમાજ જીવન છે. The majority of the vesas of Bhavai are social and they depict various aspects of the prevarant way and manners of people. That the society depicted in Bhavai was predominanatly

fendal is clear from the vesas of Vico, Suro, Tendo, Ramdec, Jasma, Odan etc.

સામાજિક પ્રવૃત્તિઓના સંદર્ભમાં પ્રો. જનક દવેએ સાંપ્રત સમસ્યાઓને નજરમાં રાખી નવા જમાનાના નવા વેશ લખ્યા છે. તેમના પુસ્તકની પ્રસ્તાવનામાં પ્રા. રતિલાલ સાં. નાયકે આવી જ વાત લખી છે. "આજનો યુગ જે તત્વોની જાણકારી અને એ તત્વો દ્વારા સમાજને થતી હાનિ પિછાનવા માગે છે. એવોઃ જનેતાનું જ દૂધ ઉત્તમ, પરિવારકલ્યાણ એટલે નિરોધ દ્વારા પરિવાર-નિયંત્રણ, અછૂતોદ્ધાર, જાતિપાંતિ કે ઊંચનીચના ભેદનો ત્યાગ, પ્રૌઢ શિક્ષણની તરફેણ, દોરાધાગા-ભૂતજોશી, ભૂવાવહેમ, અંધશ્રદ્ધા જેવાં તત્વોથી છૂટકારો, નારીગૌરવની સ્થાપના, વૃક્ષમહિમા, અમલદારી, હેરાનગતિ, ચૂંટણીપ્રક્રિયાની ક્ષતિઓ, રોગનિવારણ માટેની શરતો, બાળમજૂરી આપણું કલકં, નશાનિવારણ અંગેની કેટલીક તકેદારીઓ અને એઈડ્સ (એક મહાવિનાશકારી આતંક) થી પ્રથમથી જ દૂર રહેવાની સાવચેતી જેવાં તત્વો પર આકરા પ્રહારો દ્વારા ભવાઈએ સમાજસુધારણાના અસરકારક ઈલાજનો આશ્રય લઈ વ્યંગ, કટાક્ષ અને નાનાં નાનાં સૂત્રોથી ઉત્તમ રચનાકૌશલ્ય દાખવ્યું છે."

પુરૂષપ્રધાન એવા સમાજમાં નારીજીવનની અવહેલના, ત્રસ્ત એવી જિંદગી, મજબૂરી, લાચારી, પરવશતા, નિરાધારપણુ દર્શાવી તેની સાથે તેનું સતીત્વ અને સ્ત્રીશક્તિનું પણ દર્શન કરાવ્યું છે.

આમ, કવિ અસાઈતે આ ભવાઈ વેશમાં સમાજ દર્શન અને નારી જીવનની સમસ્યા રજૂ કર્યા છે.

❑❑❑

स्त्री और कामकाजी संस्कृति (कल्चर)
(व्यक्ति और समाज के संदर्भ में)

Dr. (Ms.) Pragnya Shukla

मानव ऊर्जा प्रत्येक राष्ट्र की बहुमूल्य संपदा होती है । स्त्री एवं पुरुष की शक्ति ही राष्ट्रीय संपत्ति को गतिशीलता प्रदान करती है । इन दोनों की शक्ति का सही एवं समुचित उपयोग ही देश के आर्थिक विकास के लिए उत्तरदायी है । मार्क्स के अनुसार स्त्री की हीन अवस्था का मूल कारण आर्थिक दृष्टि से पुरुष पर उसकी निर्भरता है । मार्क्स के इस मत को अधिक विश्लेषित करते हुए ऐलिस बोल्डिंग ने कहा है कि ''आम स्त्री, पुरुष जितना ही श्रम करती है । लेकिन आंकडों में उसके श्रम को स्वतंत्र रुप से एक व्यक्ति द्वारा किया गया श्रम नहीं माना जाता, बल्कि उसे पति के कार्य में पत्नी द्वारा हाथ बंटा दिए जाने की संज्ञा दे दी जाती है । कहने का आशय है कि स्त्री के श्रम को पुरुष से अलगाकर नहीं देखा जाता । अत: उसका श्रम अदृश्य बनकर रह जाता है ।''[१] ''आंकडों से पता चलता है कि विश्व की कुल जनसंख्या का आधा भाग होते हुए भी स्त्रियाँ कुल कार्य-घंटों का दो तिहाई भाग स्वयं करती हैं । बदले में उन्हें कुल आय का मात्र दसवाँ हिस्सा भुगतान के रुप में दिया जाता है ।''[२] इसके अतिरिक्त स्त्रियों के गृहकार्य को भी अनुत्पादक माना जाता है । इसलिए भोर से देर रात तक चूल्हे-चौके की परिधि में घूमता स्त्री का सारा श्रम अनुत्पादक बनकर रह जाता है । परिणामत: जनगणना के समय उनकी गणना दूसरों के आश्रय में रहकर अपना पेट पालनेवाले बेकारों और आश्रितों के वर्ग में की जाती हैं । स्त्री की यह स्थिति अत्यंत दुर्भाग्यपूर्ण है । प्रसिद्ध कवयित्री अमृता प्रीतम की 'गृहिणी ओ गृहिणी' कविता की आरंभ की ये पंक्तियाँ स्त्री की इस स्थिति को बहुत सचोट शब्दों में प्रस्तुत करती हैं - यदि स्त्री के पति से पूछा जाय कि तुम्हारी पत्नी क्या करती है, तो उत्तर होगा ''मेरी पत्नी कुछ काम नहीं करती ।''

समाज में स्त्री की स्थिति : समाज में स्त्री की स्थिति के बारे में आशारानी वोरा कहती हैं, ''प्रत्येक समाज में चाहे वह आदिम हो या उन्नत, स्त्रियों की स्थिति उस समाज में प्रचलित आदर्शों, विश्वासों, मान्यताओं व मूल्यों के आधार पर तथा उन्हें सौंपे गए कार्यों के अनुसार निश्चित होती है ।''[३] सदियों से स्त्री जिस सामाजिक व्यवस्था से जुडी हुई हैं, वह पितृसत्तात्मक संस्कृति है । यह एक ऐसी व्यवस्था है, जिसमें स्त्रियों को व्यक्तिगत एवं सार्वजनिक दोनों क्षेत्रों में पुरुष के अधीन ही रहना होता है, क्योंकि पिता की सत्ता ही इस व्यवस्था की बुनियाद है । इस पितृसत्तात्मक सामाजिक व्यवस्था ने ही सदियों से पुरुष को श्रेष्ठता प्रदान की एवं स्त्री को उसके नियंत्रण में रखा । स्त्री की सामाजिक स्थिति का आधार उसकी आर्थिक स्वंतत्रता या परतंत्रता पर अवलंबित है ।

भारतीय समाज में पुनरुत्थान के प्रारंभ से नारी ने करवट बदली । ''उसे विदेशी दासता, पुरुष समाज की दासता और सामाजिक रुढ़ियों के विरुद्ध एक साथ तीन-तीन मोर्चों पर लड़ना पड़ा ।''[४] गांधीजी के आह्वान से स्वातंत्र्य-संग्राम में सक्रिय सहयोग, शिक्षा एवं समाज-सुधारकों की कोशिशों के फलस्वरुप स्त्री संबंधी अनेक कुरिवाजों एवं परंपरागत रुढ़ियों के बंधन तोड़ने की प्रक्रिया आरंभ हुई और स्त्री में आत्मविश्वास जाग्रत हुआ ।

स्वतंत्रता-प्राप्ति और स्त्री : स्वतंत्रता-प्राप्ति के पश्चात् भारतीय स्त्री की स्थिति में क्रांतिकारी परिवर्तन हुए । भारतीय संविधान प्रदत्त अधिकार, संयुक्त राष्ट्र संघ मानव अधिकार आयोग द्वारा

'मानवीय घोषणा-पत्र की स्वीकृति एवं सन् १९५६ में पारित हिंदू कोड बिल ने भारतीय स्त्री को जीवन के विविध क्षेत्रों में पुरुष के समान प्रगति के सभी अवसर उपलब्ध कराए ।

स्वातंत्र्योत्तर भारत का जन-जीवन तेजी से बदलती हुई दुनिया के संपर्क से प्रभावित एवं परिवर्तित हुआ है । इस परिवर्तन ने समग्र मानव-जीवन को सभी दिशाओं से प्रभावित किया है । ''सामाजिक दृष्टि से देखें तो भारत की स्वतंत्रता के बाद से होनेवाले सबसे अधिक सारभूत एवं उल्लेखनीय परिवर्तनों में से एक है नारी-समाज की आपेक्षिक मुक्ति, घरों की चार दीवारियों से निकलकर उसका बाहरी दुनिया की हलचल में शामिल होना ।''[५] स्वतंत्रता के पश्चात् भारतीय स्त्री को एक ओर शिक्षा के प्रसार, नवीन सोच, विश्व के नारी आंदोलनों, विधि-विधान की सुविधा, रोजगार के नवीन अवसर एवं आर्थिक आत्मनिर्भरता ने प्रभावित किया तो दूसरी ओर भारतीय समाज के स्त्री-विषयक परिवर्तित दृष्टिकोण ने उसे नया उत्साह प्रदान किया । अपनी अस्मिता के प्रति अधिक सचेत भारतीय स्त्री ने आर्थिक स्वातंत्र्य की ओर कदम बढ़ाए ।

कामकाजी स्त्री : कामकाज करते रहना स्त्री की अंत: एवं मूल प्रवृत्ति है । परंतु ''कामकाजी होने के लिए दो बातें विशेष रुप से अनिवार्य है । प्रथम, उसका कार्य पति अथवा परिवार के सदस्यों से स्पष्ट रुप से या तो पृथक हो या पृथक मान्यता प्राप्त हो । दूसरे, उसे अपने श्रम का प्रतिदान मिले ।''[६] 'काम' शब्द कर्म-कम्म-काम से बना है तथा 'काज' शब्द कार्य-कारज-काज है । एक ही अर्थ के दो शब्दों का प्रयोग करके 'कामकाजी' शब्द बना है ।

अंग्रेजी में 'कामकाजी' का पर्याय 'वर्किंग' शब्द है । 'वर्किंग' के मूल में 'वर्क' शब्द है जिसका अर्थ है ''बौद्धिक तथा शारीरिक क्षमताओं का उपयोग करके जीविकोपार्जन के लिए किया जानेवाला कोई काम।''[७] अर्थोपार्जन के लिए किया जानेवाला श्रम तभी सार्थक होता है जब वह श्रम उत्पादक हो, उसका राष्ट्रीय आय में कोई निश्चित योगदान हो याने ऐसा व्यवसाय जो समाजद्वारा स्वीकृत हो । संक्षेप में ''अपने बौद्धिक अथवा अकुशल श्रम के माध्यम से, घर अथवा घर से बाहर स्वतंत्र रुप से कोई उत्पादक कार्य करनेवाली महिलाएं कामकाजी महिलाएं हैं ।''[८]

स्त्री का कामकाज की ओर उन्मुख होना : स्वतंत्रता से पूर्व भारतीय स्त्री को पुरुषों के समान रोजगार के अवसर उपलब्ध नहीं थे । सामाजिक स्थिति एवं परिवेश स्त्री की मानसिकता के लिए उत्तरदायी थे अत: स्त्री गृहिणी की भूमिका ही निभाती रही । चाहे राष्ट्र हो या मनुष्य, स्वतंत्रता की पहली शर्त आर्थिक स्वावलंबन है । आर्थिक पराधीनता मनुष्यजीवन की सबसे भयंकर स्थिति है । पूंजीवादी उत्पादन-रचना, नगरीकरण की प्रक्रिया एवं बीसवीं शताब्दी के दो विश्वयुद्धों ने स्त्री को अर्थोपार्जन के लिए घर से बाहर निकलने पर मजबूर किया । निम्न तथा निम्न मध्यवर्ग की स्त्री के लिए बढ़ती हुई महँगाई के साथ परिवार की मूलभूत जरुरतें पूरी करने के लिए अर्थोपार्जन अनिवार्य बना गया । भौतिकसुख-सुविधाओं के लिए मध्यवर्ग एवं उच्चमध्यवर्ग की स्त्री ने तथा व्यक्ति स्वातंत्र्य एवं शिक्षा के सदुपयोग के लिए समाज के साधन-संपन्न परिवार की स्त्री ने अर्थोपार्जन की ओर कदम बढ़ाए । संक्षेप में आज समाज के सभी वर्गों की महिलाएं अर्थोपार्जन की प्रवृत्ति में कार्यरत हैं ।

आर्थिक स्वावलंबन के अनेक आयामी प्रभाव : आर्थिक स्वावलबंन ने स्त्री को अनेक आयामों से प्रभावित किया है । स्वतंत्रता के पश्चात स्त्री की सामाजिक, आर्थिक एवं नैतिक परिस्थिति के बदलाव ने उसे नया दृष्टिकोण दिया है । शिक्षा ने उसकी सुषुप्त शक्तियोंसे पहचान कराकर महत्वाकांक्षाएँ

जाग्रत की । आत्मनिर्भरता ने स्त्री में व्यक्तिवादी दृष्टिकोण की सृष्टि की जिससे उसके समस्त पुराने मूल्य धराशायी हो गए एवं नए मूल्यों ने जन्म लिया । आज की प्रबुद्ध एवं प्रगतिशील नारी को महत्त्वाकांक्षा के सहज विकास के अनेक अवसर प्राप्त हुए हैं । परंतु भारतीय समाज में धर्म का पालन के लिए प्रत्येक स्त्री एवं पुरुष के लिए विवाह अनिवार्य माना गया है । अत: शिक्षाप्राप्त कामकाजी स्त्री भी विवाह को अनिवार्य मानती है । कुछ आधुनिक स्त्रियाँ अपनी महत्त्वाकांक्षाओं की पूर्ति के लिए विवाह की अनिवार्यता को भी अस्वीकार करती हैं ।

आधुनिक अविवाहित नारी में अर्थोपार्जन की चाह के अनेक कारण हैं, जिनमें सामाजिक एवं मनोवैज्ञानिक कारणों का समावेश होता है । स्त्री की अविवाहित स्थिति के अनेक आयाम हैं । एक, परिवार की सहायता के लिए अर्थोपार्जन करके अविवाहित रहना, दूसरे आर्थिक स्वावलंबन के कारण परंपरागत विवाह को बंधन मानना, तीसरे आत्मनिर्भर एवं प्रगतिशील स्त्री अपने क्षेत्र में यदि उच्च स्थान प्राप्त कर लेती है तो प्रगतिशीलता का दिखावा करनेवाला पुरुष उसे अपनाने को तैयार नहीं होता । भारतीय समाज में परंपरागत मान्यताओं के कारण कामकाजी स्त्री का अविवाहित रहना एक अभिशाप माना जाता है एवं समाज उसे संदेह की नजर से देखता है ।

कामकाजी स्त्री विभिन्न भूमिकाएँ : स्त्री एवं पुरुष की शारीरिक संरचना की दृष्टि से स्त्री-जीवन की सार्थकता उसके मातृत्व में है । मानव को जन्म देकर वह संसार के विकास में अपना महत्वपूर्ण योगदान देती है । इस दृष्टि से मातृत्व ही स्त्री की प्रमुख भूमिका है । समय के साथ परिवर्तित परिस्थितियों में विकास की ओर अग्रसर संसार में मातृत्व की प्रमुख भूमिका के साथ स्त्री की भूमिका के आयाम भी बदलते रहे ।

परिवार में कामकाजी स्त्री की विभिन्न भूमिकाओं का संबंध उसकी विवाहित एवं अविवाहित स्थिति पर आधारित है । विवाहित स्त्री प्रमुख रुप से पत्नी एवं मां की भूमिका निभाती है; व्यवसायी स्त्री की दोहरी जिम्मेदारी दांपत्य जीवन में तनाव उत्पन्न करती है । कामकाजी स्त्री बच्चों को आवश्यक समय नहीं दे पाती, उनका योग्य ध्यान नहीं रख पाती अत: अपराध-बोध का अनुभव करने लगती है । कामकाजी विवाहित स्त्री दोहरी भूमिका निभाते हुए एक अजीब घुटन का अनुभव करती है ।

कामकाजी अविवाहित स्त्री परिवार में पुत्री की भूमिका निभाती है । यदि वह परिवार की आर्थिक सहायता करती है या एकमात्र अर्थोपार्जन करनेवाली सदस्य होती है तो माता-पिता उसकी व्यक्तिगत आशा-आकांक्षाएँ, आवश्यकताओं की परवाह न करके उसका आर्थिक शोषण करते हैं । वह अपने प्रेम, सेक्स, नैतिकता-अनैतिकता विषयक परिवर्तित विचारों के कारण अपने आपको परिवार में मिसफिट पाती है । इन सबके साथ परिवार के स्त्री-सुलभ कार्यों में तो उसकी एक निश्चित भूमिका होती ही है ।

कामकाजी स्त्री के व्यक्तिगत एवं पारिवारिक जीवन की भूमिका से सर्वथा भिन्न होता है, उसका कार्यक्षेत्र । अपने पुरुष सहकर्मी के साथ कार्य करते हुए उसे अनेक समस्याओं का सामना करना पड़ता है । केवल स्त्री होने के कारण उसकी कार्यदक्षता पर प्रश्नचिह्न लगाया जाता है । कई स्त्रियाँ उच्च अधिकारियों के शोषण की शिकार होती हैं तो कई अपने सौंदर्य एवं शरीर को वस्तु के रुप में प्रयुक्त करके अपने स्वार्थ सिद्ध करती हैं । कामकाजी भारतीय स्त्री को सामाजिक विषमता का सामना भी करना पडता है । ''कहा जाता है कि उन्होंने पुरुषों की रोजी मारी है, अपने सेक्स का दुरुपयोग किया है तथा

अपने सेक्स की वजह से ही नौकरी प्राप्त की है ।''[९]

कामकाजी स्त्री एक ओर व्यक्तिगत, पारिवारिक एवं दूसरी ओर कार्यक्षेत्र की भूमिका के बीच सामंजस्य स्थापित करने की कोशिश में मानसिक एवं शारीरिक रुप से प्रभावित होती है। यद्यपि आज अधिकाधिक स्त्रियाँ दोहरी भूमिकाओं में संतुलन स्थापित कर रही हैं एवं पुरुष, परिवार एवं समाज भी इस में सहयोगी बन रहे हैं, अत: स्थिति में सुधार अवश्य दृष्टिगत होता है परंतु समाज ने स्त्री से पत्नी एवं माँ की भूमिका को ही सुचारु रुप से निभाने की आकांक्षा रखी । यही कारण है कि कामकाजी स्त्री अपने व्यक्तिगत जीवन एवं कामकाजी क्षेत्र में संतुलन बनाए रखने में कठिनाई का अनुभव करती है ।

भूमंडलीकरण से प्रभावित स्त्री : स्वातंत्र्य-प्राप्ति के पश्चात् जीवन के विभिन्न मोडों एवं पडावों से गुजरती हुई भारतीय स्त्री का साक्षात्कार बीसवीं सदी के अंतिम दशक में भूमंडलीकरण के फलस्वरुप परिवर्तन के एक नए दौर से हुआ । उत्पाद, अर्थ, सोच एवं मानव की वैश्विक स्तर पर मुक्त गतिविधि ने स्थल एवं समय की दूरियाँ समाप्त कर दी । पूंजी के असीम विस्तार एवं संचार के साधनों के अभूतपूर्व विकास ने बाजारों के आज तक के बंद दरवाजे खोल दिए । इस समय के दौरान बदली हुई राजनीतिक स्थितियों और संचार उपकरणों की क्रांति ने एक नयी संस्कृतिको जन्म दिया जिसने संस्कृति के पारंपारिक एवं सीमित अर्थ को विस्तार प्रदान कर दिया । यह संस्कृति बाजार संस्कृति है जिसे बनाने एवं प्रसारित-प्रचारित करने में मीडिया की अभूतपूर्व ताकत का विलक्षण तरीके से उपयोग हो रहा है । विज्ञापन इस नयी बाजार संस्कृति का मूल अस्त्र है ।

भूमंडलीकरण के फलस्वरूप आज बाजार की जो सबसे बड़ी और मजबूत व्यवस्था हम पर हावी हो रही है उसका सर्वाधिक प्रभाव स्त्रियों पर दृष्टिगत होता है । ''बाजार ने जितने फैसले औरतों पर थोपे हैं उतने शायद किसी और ने नहीं । प्रगतिशीलता और आधुनिकता की परिभाषा तो बाजार ने गढ़ी ही है, परंपरा और संस्कृति की परिभाषा भी अब वह गढ़ने लगा है । आधुनिकता का दबाब स्त्री को बाजार के इशारों पर नचाने लगा है ।''[१०] आज के कामकाजी कल्चर में एक ओर स्त्रियों में स्वाभिमान और आत्मनिर्भरता की भावना बढ़ रही है तो दूसरी ओर आधुनिकता की दौड़ में स्त्रियाँ 'वस्तु' के रुप में परिवर्तित होती जा रही हैं । ''महंगी प्रसाधन सामग्री और कीमती फैशन परिधानों का नशा मीडिया द्वारा प्रचारित सौंदर्य प्रतियोगिताओं से जुडकर एक बार फिर आर्थिक रुप से स्वावलंबी और हुनरमंद स्त्रियों की इच्छाशक्ति को कमजोर बना रहा है ।''[११] कामकाजी स्त्रियाँ धीरे-धीरे बाजारवाद की शिकार होती जा रही हैं । भूमंडलीकरण के कारण उन्नत संचार प्रणालियों और बहुराष्ट्रीय निगमों की प्रतिस्पर्धा ने स्त्री को रोजगार के अनेक अवसर उपलब्ध कराए हैं । अन्य क्षेत्रों की तरह मीडिया में काम करनेवाली स्त्रियों की संख्या में लगातार वृद्धि हो रही है । आज की कामकाजी स्त्री अपने व्यवसाय की मांग के अनुसार सामान्य नौकरी के समय के बदले अधिक घंटे एवं शिफ्ट में भी काम कर रही हैं । इसका विपरीत प्रभाव उनके व्यक्तिगत एवं पारिवारिक जीवन पर दृष्टिगत होता है ।

भारत की कामकाजी स्त्रियों में करीब १० प्रतिशत कामगार स्त्रियाँ असंगठित क्षेत्र में कार्यरत हैं । भूमंडलीकरण के फलस्वरूप विश्वबाजार एवं अंतरराष्ट्रीय स्पर्धा के बढ़ते ही कम खर्च पर मुनाफा आधारित उत्पादन प्रणाली का बोलबाला बढ़ा है । अधिक मुनाफा कमाने की चाह रखनेवाले देशी-विदेशी सभी पूंजीपति, पुरुषों की तुलना में कम पैसे पर कुशलतापूर्वक अधिक काम करनेवाली और यूनियन के झमेले से दूर रहनेवाली स्त्रियों से मुनाफा कमा रहे हैं । स्त्रियों के कल्याण के नाम पर उनका

शोषण करनेवाले, उनको स्वाश्रयी और आजाद बनानेवाले ये लोग स्त्रियों के ही घर में उन्हें बिना कोई लाभ दिए उनसे काम करवाते हैं ।

कामकाजी स्त्री की दुविधाग्रस्त स्थिति और उपाय : नयी कामकाजी संस्कृति के परिणामस्वरूप भारतीय नारी आज परंपरा और आधुनिकता के दोराहे पर खडी है । एक ओर अपनी पारंपरिक भूमिका निभाने की चाह है तो दूसरी ओर स्वावलबंन एवं महत्वाकांक्षा की पूर्ति की इच्छा है । अत: आवश्यकता है स्त्री स्वयं अपनी इस दुविधाग्रस्त स्थिति से निस्तार पाने की कोशिश करे । अपनी सामाजिक स्थिति को सुधारने के लिए स्त्री को संगठित होकर अन्याय और अत्याचारों का सामना करना है । अपने व्यक्तित्व की गरिमा को बनाए रखने के लिए निराश होने की बजाय आत्मविश्वास से अपने जीवन की राह पर अग्रसर होना है ।

सोच में बदलाव की आवश्यकता : सदियों से भारतीय स्त्री, पुरुष-प्रधान समाजनिर्मित नियम, कानून एवं परंपरा के ढांचे में अन्या होकर जी रही है । आधुनिक युग में उसकी इस स्थिति में कुछ अंशों में बदलाव आया है परंतु देश की औसत स्त्री की मानसिकता में बदलाव नहीं आया है । समाज का स्त्री के प्रति का दृष्टिकोण नहीं बदला है । कामकाजी स्त्री सही अर्थ में स्वतंत्र नहीं हैं, क्योंकि स्वतंत्रता का एहसास बाहरी नहीं, भीतरी होता है । स्त्री को स्वयं संघर्ष करके इस परिस्थिति का परिश्रम पूर्वक सामना करना है । कस्बों से लेकर महानगरों की स्त्रियाँ आज आर्थिक स्वावलबंन की दिशा में सक्रिय है और समाज ने उसे प्रोत्साहन देना आरंभ कर दिया है । परिवार एवं समाज स्त्री की क्षमता एवं योग्यता का उचित उपयोग करेगा तो समग्र राष्ट्र स्त्री-शक्ति से लाभान्वित होगा ।

संदर्भ

१. ऐलिस बोल्डिंग, वूमैन इन द ट्वैन्टिएथ सेन्चुरी वर्ल्ड, पृष्ठ १७
२. हेल्थ केयर, विच वे टू गो? पृष्ठ ५८
३. आशारानी वोरा, भारतीय नारी : दशा, दिशा, पृष्ठ १७
४. वही, पृष्ठ ११
५. प्रमिला कपूर, कामकाजी भारतीय नारी, पृष्ठ १३
६. रोहिणी अग्रवाल, हिन्दी उपन्यास में कामकाजी महिला, पृष्ठ ५५
७. ऑक्सफर्ड एडवांस्ड लर्नर्ज डिक्षनरी ऑफ करंट इंग्लिश, पृष्ठ ९९२
८. रोहिणी अग्रवाल, हिन्दी उपन्यास में कामकाजी महिला, पृष्ठ ५७
९. प्रमिला कपूर, कामकाजी भारतीय नारी, पृष्ठ १०३
१०. सुमन कृष्णकांत संपादन; इक्कीसवीं सदी की ओर, मणिमाला का लेख 'दो में से क्या, स्वतंत्रता या सुरक्षा', पृष्ठ ६६
११. वही, मृणाल पांडे का लेख 'सहस्त्राब्दी और स्त्री', पृष्ठ १४४-१४५

सहायक संदर्भ ग्रंथों की सूची

क. अंग्रेजी

Elisa Boulding; Women in the 20th Centry; Sage Publications, Halsted Press Book, New York, 1977

ख. हिन्दी

१. आशारानी वोरा, भारतीय नारी : दशा दिशा, नेशनल पब्लिशिंग हाउस, १९८३

२. डॉ. प्रमिला कपूर, कामकाजी भारतीय नारी : बदलते जीवनमूल्य और सामाजिक स्थिति, राजपाल एंड सन्स, दिल्ली, १९७६

३. डॉ. रोहिणी अग्रवाल, हिन्दी उपन्यास में कामकाजी महिला, दिनमान प्रकाशन, दिल्ली, १९९२

४. सुमन कृष्णकांत : संपादन; इक्कीसवीं सदी की ओर, राजकमल प्रकाशन, नयी दिल्ली, २००१

ग. पत्रिका

Health Care : Which way to go, Pune, 1982

घ. कोश

Oxford Advanced Learner's Dictionary of Current English - A. S. Hornby

❑❑❑

તુલસીદાસના 'રામચરિત માનસ'નો રાજપૂત ચિત્રકલામાં પ્રભાવ

Ms. Kusum H. Vanjara

ભારતમાં મુસ્લીમ સત્તાની સ્થાપનાથી વ્યાપેલી આંધાધૂંધી અને અરાજકતાના પરિણામે ભક્તિ ચળવળની શરૂઆત થઈ અથવા વિષમ રાજનૈતિક પરિસ્થિતિથી હિન્દુઓમાં વ્યાપેલી નીરાશા એ ભક્તિની ભાવનાને જન્મ આપ્યો અને હિન્દુ-મુસ્લીમ સંપર્કે ભક્તિને એક નવો રંગ આપ્યો. અનેક સંતો અને કવિઓ જેમકે વલ્લભાચાર્યે જેમણે વૈષ્ણવ ભક્તિ પ્રસરાવી રામાનુજાચાર્ય જેમણે ઉત્તર ભારતમાં ભક્તિનો ફેલાવો કર્યો. દક્ષિણ ભારતમાં શૈવ ભક્તિનો ફેલાવો થયેલો જોવા મળે છે. ભક્તિ માત્ર ભગવાનના ભજનો અને પ્રાર્થના સુધી સીમીત ન રહેતા સમાજના દરેક સ્તરમાં ફેલાઈ. દરેક ક્ષેત્ર જેમકે કલા, સાહિત્ય, સંગીતની અંદર ભક્તિના વિચારોનો પ્રચાર અને પ્રસાર થયો.

ભક્તિનો જે સ્તોત્ર વહ્યો તેને ઉત્તર ભારતને તરબતર કરી દીધો. શંકરાચાર્યના માયાવાદના વિરોધમાં ભક્તિનું સમર્થન કરનારા આચાર્યોમાં રામાનુજાચાર્યનું વિશેષ મહત્વ છે. તેઓએ ઉત્તર ભારતમાં આવીને ભક્તિના પ્રચાર માટે પીઠ સ્થાપિત કર્યાં તેમાં કાશી મુખ્ય હતું રામાનુજાચાર્યએ વૈષ્ણવ સંપ્રદાયની સ્થાપના કરી. તેઓએ વૈષ્ણવ સંપ્રદાયની જાતિગત ભેદભાવના દૂર કરી મનુષ્ય માત્રને રામભક્તિનો અધિકારી માન્યો. તેઓએ દેશભરમાં ભ્રમણ કર્યું તેમના અનેક શિષ્યો બન્યા. તેમના શિષ્યોએ સગુણ અને નિર્ગુણ ભક્તિનું સમર્થન કર્યું. આ રામાનંદે રોપેલા ભક્તિના બીજને ફળાવવાનો અને પ્રસારવાનો શ્રેય ગોસ્વામી તુલસીદાસને જાય છે.

ગોસ્વામી તુલસીદાસના જન્મ પહેલા જ ભારતમાં બાબરે મોગલ સત્તાનો પાયો નાખી દીધો હતો. બાબરને પણ ગોગરાના યુદ્ધમાં રાણાસંગ સાથે યુદ્ધ કરતા રાજપૂત સત્તા, શક્તિ, તેમની બલિદાનની ભાવના, અલૌકિક વીરતાનો સારો એવો પરિચય મળી ચૂક્યો હતો. બાબર પછી હુમાયુના હાથમાં મોગલ સત્તા આવી અને હુમાયુએ પણ રાજપૂત વીરતાનો સારો એવો સ્વાદ ચાખ્યો. અકબરના સમયમાં અકબરની કુશળ રાજનીતીને કારણે અકબરે રાજપૂતોને પોતાના સામ્રાજ્યના પાયા બનાવ્યા અને મોટાભાગના રાજપૂત રાજાઓએ અકબરનું આધિપત્ય સ્વીકારી લીધું. અંબરના રાજપૂત રાજા બિહારીમલ્લે અકબરના રાજદરબારમાં આવીને અકબરની મહત્તા સ્વીકારી હતી. અકબરે પણ બિહારીમલ્લની પુત્રી સાથે લગ્ન કર્યાં હતાં. આ પહેલા પણ અકબરે અનેક હિન્દુ કન્યાઓ સાથે લગ્ન કર્યાં હતાં. આમ અકબરનો રાણીવાસ હિંદુ સ્ત્રીઓથી ભરેલો હતો.

જહાંગીરે પણ રાજા ઉદયસિંહ, બીકાનેરના રાજારાય રામસિંહ, રાજભાન સિંહના પુત્ર જગતસિંહ, રામચન્દ્ર બુન્દેલા જેવા રાજપૂત રાજાઓની પુત્રીઓ સાથે લગ્ન કર્યા હતા. આ બધાં સમય દરમ્યાન ધીરે ધીરે રાજપૂત ચિત્રકલાનો વિકાસ થઈ રહ્યો હતો. રાજસ્થાનના અનેક નાના નાના રજવાડાઓમાં રાજસ્થાની શૈલીના વિવિધ પ્રકારની ચિત્રકલાનો વિકાસ થઈ રહ્યો હતો. ઉદાહરણરૂપે મેવાડની શૈલી, બુંદેલખંડની બુંદી શૈલી, માળવાની માળવાશૈલી, કોટાશૈલી વગેરે. આ દરેક શૈલીએ પોતાની આગવી કળાનો વિકાસ કર્યો. આ ચિત્રકળામાં સામાન્ય રીતે રાજસ્થાનની વેશભૂષા, અલંકાર, શણગાર, સાધન તથા સંસ્કારોને સ્થાન અપાયું છે. તેને કારણે રાજસ્થાનની રાજપૂત ચિત્રકલા બીજી ચિત્રકલા શૈલીઓથી અલગ થઈ વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરે છે. આ રાજકીય અને સામાજીક પરિસ્થિતિ વચ્ચે મહાકવિ તુલસીદાસનો જન્મ બાંદા જીલ્લામાં રાજપુર નામે ગામમાં

સંવત્ ૧૫૫૪માં થયો. કેટલાક વિદ્વાનો અનુસાર તેમનું જન્મસ્થળ સોરો છે. તેમના પિતાનું નામ આત્મારામ તથા માતાનું નામ હુલસી હતું. તુલસીદાસને કાવ્યો રચવાની પ્રેરણા આપવાનું કામ બાબા નરહરિદાસ તથા શેષ સનાતનને દેવાય છે. તુલસીદાસની પત્નીનું નામ રત્નાવલી હતું. રત્નાવલીએ તુલસીદાસને જગતનું હિત કરનારા કાવ્યો રચવાની પ્રેરણા આપી.

ગોસ્વામી તુલસીદાસે અનેક ગ્રંથોની રચના કરી છે. જેમકે રામજ્ઞા, રામચરિતમાનસ, પાર્વતીમંગલ, દોહાવલી, કવિતાવલી, વિનય પત્રિકા, કૃષ્ણગીતાવલી, જાનકીમંગલ, રામલલાનછહૂ અને વૈરાગ્ય સંદિપની, હનુમાન બાહક વગેરે.

આ બધા ગ્રંથોની રચનાથી તુલસીદાસને હિંદી સાહિત્યમાં વિશેષ સ્થાન અપાય છે. જેમ સંસ્કૃત સાહિત્યમાં વાલ્મીકી અને વેદવ્યાસને વિશેષ સ્થાન અપાય છે તેમ હિંદી સાહિત્યમાં તુલસીદાસને વિશેષ સ્થાન અપાય છે. હરિઔધજી અનુસાર

"कविता करके तुलसी न लसे,
कविता लसी पा तुलसी की कला ।।"

આ બધા ગ્રંથોમાં રામચરિતમાનસને સર્વશ્રેષ્ઠ સ્થાન અપાય છે. ગોસ્વામી તુલસીદાસ રામકાવ્ય પરંપરાના સૌથી મહાન કવિ છે. રામ વિશે અનેક કાવ્યો લખાયા છે, પણ ગોસ્વામી તુલસીદાસના કાવ્યો સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. વાલ્મીકી ઋષીએ માત્ર 'નર' રામની કથા કહી હતી. ગોસ્વામી તુલસીદાસે આ કથાને 'નારાયણ' રામની કથા બનાવી છે.

ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસમાં રામચરિત માનસની રચના એક મહત્વપૂર્ણ ઘટના છે. તુલસીએ પોતાના જીવન દરમ્યાન પઠાણો અને મોગલોના યુદ્ધો, તેમની સત્તાના પરિવર્તનોને જોયા હતાં. રાજા અને પ્રજાના જીવન સુરક્ષા અને સ્થીરતા વગરના હતા. આ આંધાધૂંધીના સમયમાં કાંઈપણ સ્થાયી ન હતું. આ આંધાધૂંધી માટે મુખ્યત્વે જવાબદાર હતી સત્તાલાલસા. આ સત્તાલાલસા માટે સગાસંબંધીઓ, મામા-ભાણીયાઓ, પિતા-પુત્ર, ભાઈ-ભત્રીજાઓ સતત પરસ્પર સંઘર્ષમાં વ્યસ્ત હતાં.

સમાજનો ઉપલો વર્ગ રાજાઓ અને શાસકોનો હતો. તેઓ મુખ્યત્વે અશિક્ષિત, વિલાસી, ક્રૂર અને દૂરંદેશીના અભાવવાળા હતાં. સિકંદર લોદીના મૃત્યુથી અકબરના સમય સુધી કોઈપણ સામાજીક અને સાંસ્કૃતિક પ્રગતિ નહોતી થઈ. લગભગ એક સદી સુધી પ્રજા યુદ્ધ અને રાજકીય પરિવર્તનોના ખરાબ પરિણામોથી પીડાતી રહી. તુલસીદાસજીએ સમાજના આ દશ્યોને પોતાના કાવ્યોમાં રજૂ કર્યાં હતાં. ઉદાહરણ રૂપે

"गोंड गवांर नृपाल कलि यवन महिपाल ।
साम न दाम न भेद अब, केवल दण्ड कराल ।।"

સ્મિથ અનુસાર પઠાણ બાદશાહો અને મોગલો દ્વારા લોકોને કઠોર દંડ દેવાતા હતા. માથુ ઉતારી લેવું, ફાંસી ચઢાવવા, ચામડી ઉતરડી નાખવી વગેરે પ્રકારના દંડો વિરોધીઓ અને વિદ્રોહીને અપાતા હતાં.

તુલસીદાસજીએ પોતાના કાવ્યો દ્વારા લોકોને રામભક્તિનો મહિમા સમજાવ્યો છે. તેમના 'ગીતાવલી' નામના કાવ્યમાં સ્ત્રીની સુલભ ભાવનાઓ વર્ણવાય છે. આ કાવ્યમાં અપેક્ષિત મહિલા

સમાજ કેવો હોવો જોઈએ તે દર્શાવવા રચાયા છે. અહિં તુલસીએ સમાજમાં નારીના એ ચિત્રને પ્રસ્તુત કરવા માંગ્યું છે. જે તેનાથી વિપરિત હતું. તે સમયનો સમાજ બહુપત્નીત્વ, વિલાસીતતા, દુરાચારથી ભરેલો હતો. ત્યારે તુલસીએ રામ જેવા શક્તિશાળી પુરુષને એક પત્નીત્વ વ્રતધારી ચિત્રિત કર્યાં છે. આ સમયે રાજા પ્રજા માટે નહતો પરંતુ પ્રજા રાજા માટે હતી ત્યારે મર્યાદાપુરુષોત્તમ રામને પ્રજા માટેનો પ્રજાપ્રિય રાજા તરીકે વર્ણવાયા છે. આ હિન્દુ સમાજમાં કેટલાક રાજાઓ અને બાદશાહોના કૃપાપાત્ર લોકો સિવાયની જનતા મહત્વકાંક્ષા વગરની નિર્ધન, ઉદાસીન અને સતત આંતકમાં જીવન વિતાવતી હતી. આ પરિસ્થિતિમાં પ્રજાનું એકમાત્ર પ્રેરકબળ ભક્તિ હતી જે તુલસીદાસે ફેલાવી. આ પરિસ્થિતિમાં લોકો કલાનો ઉપયોગ માત્ર વ્યવસાય તરીકે કરવા લાગ્યા. પેટ ભરવા માટે લોકો દીકરા-દીકરીઓને પણ વેચવા લાગ્યા હતા. તુલસીદાસ અનુસાર...

''वरर्ग धर्म नही आश्रम चारी के अभाव में
मातु पिता बालकन बोलावहिं । उदर भरे सोई धर्म सिखवहिं ।।''

આ પરિસ્થિતિમાં પરંપરાગત કળા પણ નાશ પામી રહી હતી.

તુલસીની આ કૃતિઓની સાથે ચિત્ર અને શિલ્પકલાની પાશ્વભૂમિનો વિચાર કરીએ તો એવું પ્રતિત થાય છે કે તુલસી એ પોતાના જીવનને બે ભાગોમાં વહેંચી દીધું હતું. પહેલું તેમાં તુલસીએ એક ગૃહસ્થ સંસારીની જેમ પોતાનું જીવન વ્યતિત કર્યું. આ જીવનમાં તુલસીએ સામાન્ય મનુષ્યની જેમ જીવનના સંઘર્ષો અને અનુભવ કર્યો જેને કારણે આગળ જતા તુલસીમાં વિરકતીની ભાવના જાગૃત થઈ. આ ભાવનાએ આગળ જઈને તુલસીને એક તટસ્થ ફલક આપ્યું અને સમસ્ત જાતીય ભાવનાના વિચારક બનાવી દીધા.

તુલસી વિચારકની સાથે સાથે એક કલાકાર પણ હતાં. તુલસીના જીવન અને સાહિત્ય પર અનેક શોધો થઈ ચૂકી છે. તુલસી ગોસ્વામીએ સમાજ માટે અનેક રચનાઓ કરેલી છે. તુલસીદાસજીએ રામચરિત માનસની રચના કરી હિંદુઓમાં હિંદુત્વની ભાવનાને વધુ પ્રબળ કરી છે. તેઓએ કથા વાચન અને રામલીલાઓના માધ્યમથી સમાજને ધર્મમય રાખ્યો છે. તુલસીદાસજીએ તત્કાલીન કે પૂર્વકાલીન પ્રામ ચિત્રકલાને કેટલી હદે પ્રભાવિત કરી હતી કે તેઓ પોતે કેટલી હદે પ્રભાવિત હતા તે વિચારણીય છે. તેમના કાવ્યોનો તે સમયની ચિત્રકલા પર કેટલો પ્રભાવ હતો તે વિચારણીય છે.

ઈતિહાસમાં જોતા સ્પષ્ટ થાય છે કે તુલસીદાસજીનો સંબંધ બે વ્યક્તિઓ સાથે હતો જેઓ ચિત્રકલા સાથે સંબંધિત હતા. એક હતા નવાબ અબ્દુર રહીમ ખાનખાના. ખાનખાના સંવત ૧૬૪૬ થી ૧૬૪૮ની વચ્ચે બનારસના હાકેમ હતાં. બીજા જયપુર નરેશ રાજા માનસિંહ હતાહ. આ સિવાય બીજા વ્યક્તિઓ પણ હોઈ શકે છે. આ બંને વ્યક્તિઓ પોતાના સમયની મહાન વિભૂતિઓ હતી. માનસિંહજી પોતે તુલસીદાસજીના ઘરે આવવા જવાનું હતું. તેઓની ચિત્રકલામાં અભિરૂચી હોઈ શકે છે. પરંતુ સ્પષ્ટ કહી શકાતું નથી. ખાનખાના મોગલ દરબારના નવરત્નોમાંના એક હતા તેથી આ સ્પષ્ટ થાય છે કે તેઓ ચિત્રકલા સારી રીતે સમજી શકતા હતા. ખાનખાના કવિ અને ભાવુક હૃદયવાળા વ્યક્તિ હતાં. કદાચ તેમનો સંપર્ક તુલસીદાસજી સાથે ચિત્રકલા માટે થયો હોય એ શક્યતા નકારી શકાતી નથી. રાજા માનસિંહને ચિત્રકલામાં ખૂબ રસ હતો. તેઓ તુલસીદાસજીના ભક્ત હતા તેમના સંપર્કને કારણે કદાચ તુલસી રાજપૂત ચિત્રકલા શૈલીના ચિત્રોનાં સંપર્કમાં આવ્યા હોય.

તુલસીદાસજીના રામચરિત માનસે ખરેખર તે સમયની ચિત્રકલાને પ્રભાવિત કરી છે. રાજસ્થાનના રાજાઓએ રામકથાને ચિત્રિત કરી છે. સુંદર દશ્યોને રંગારંગ રેખાકૃતિઓમાં ચિત્રકારોએ રામકથાઓ રજૂ કરી છે. આ તથ્ય સીધેસીધું છે. તુલસીદાસ તે સમયની ચિત્રકલાથી પ્રભાવિત નથી. પરંતુ તે સમયની સાંસ્કૃતિક પરંપરાઓથી પ્રભાવિત છે જે સાંસ્કૃતિક પરંપરાઓએ ચિત્રકલા અને લલીતકલાને પણ પ્રભાવિત કરી છે. જેમાં સ્થાપત્યો ચિત્રો, સંગીત અને કાવ્યનો પણ સમાવેશ થાય છે.

રામાયણ અને રામચરિત માનસનું ચિત્રાણ અનેક રૂપે પ્રાપ્ત થાય છે. રામકથાના ચિત્રાણની પ્રવૃત્તિ ખૂબ જૂની છે. રામકથાની જેમ જ રામની અભિવ્યક્તિ સંગીત ચિત્ર અને બીજા શિલ્પ સાધ્યમાં પણ છે. પ્રારંભમાં રામની મૂર્તિઓ માત્ર પૂજા, અર્ચના, દર્શન માટે મંદિરોમાં સ્થાપિત કરવા માટે રચાતી હતી. અજંતા આદિ ગુફાઓમાં જ્યારે બૌધ્ધ ધર્મનો વિષય લઈ ચિત્રમાલાઓનું ચિત્રાણ થયું છે. ત્યારે તે જ સમયની ઈલોરા ગુફાઓમાં રામકથામાલાનું પથ્થરોમાં કોતરકામ થયેલું હતું અને પછી ચિત્રકલામાં રામકથાનું ચિત્રાણ થયું. આ રામકથાનું સ્વરૂપ દક્ષિણના મંદિરોમાં જોવા મળે છે. રાજસ્થાન મધ્યપ્રદેશ આદિમાં પણ રામકથાના ચિત્રાણની પ્રવૃત્તિ હતી, પણ રાજસ્થાનમાં વિષ્ણુનું આ સ્વરૂપ જોવા મળે છે. ખજૂરાહોમાં રામમૂર્તિ સ્થાપિત છે. તથા રામના અનેક સ્વરૂપોને પ્રસ્તુત કરાયા છે. રામમૂર્તિના કોતરકામ ઉપરાંત રામકથાનાં ચિત્રાણની પ્રવૃત્તિ પણ વિકસવા લાગી હતી. રાજા, મહારાજાઓ, સામંતો, અમીરો, ઉમરારો, પહેલા પોતાના મહેલોની અંદરની દિવાલો પર રામકથા માલાને ચિત્રિત કરાવતા હતા. તેઓ આ ચિત્રાણને ધર્મનું કાર્ય માનતા હતા.

મધ્યકાળમાં રાજપૂત રાજાઓએ જે રામકથાનું ચિત્રાણ કરેલું છે તેમાં બધે જ રામચરિત માનસનું ચિત્રાણ કરાયું છે એવું નથી. આ ચિત્રાણમાં ત્રાણ કવિઓની કૃતિઓનું ચિત્રાણ જોવા મળે છે. પહેલું વાલ્મીકી રામાયણ જે તુલસીદાસ ના સમય પહેલા રચાયું હતું. અને મોટેભાગે સમય સમય પર પથ્થરો ઉપર કોતરાયું હતું. બીજું તુલસીદાસની કથાનું ચિત્રાણ છે અને ત્રીજું આચાર્ય કેશવદાસની રામચંદ્રીકાનું ચિત્રાણ જોવા મળે છે.

રાજપૂત રાજાઓમાં ખાસ કરીને રાજસ્થાનના રાજાઓમાં રામચરિતમાનસનું ચિત્રાણ વધું કરાયું છે. સાથે સાથે કેશવદાસની રામચંદ્રિકાનું ચિત્રાણ પણ જોવા મળે છે. આ ચિત્રાણ વિશેષ કરીને પહાડી રાજ્યોમાં જોવા મળે છે. જેમાં કવિપ્રિયા અને રસિકપ્રિયા નાયિકાને ચિત્રોનો આધાર બનાવીને તત્કાલીન પરંપરાઓમાં ચિત્રિત કરાઈ છે.

તુલસીદાસના રામચરિત માનસ ઉપરાંત ગીતાવલીના પદોનું પણ ચિત્રાણ કરાયું છે. સાધારણ રીતે આ ચિત્રાણ બે રૂપમાં જોવાયું છે. પ્રથમ રૂપમાં રામકથાનો આધાર પ્રતીત થાય છે. એવા ચિત્રોમાં કોઈ સંકેત, લિપિ મળતા નથી જેનાથી કહી શકાય કે આ ચિત્ર રામચરિત માનસના આધારે બનાવાયું છે. પરંતુ ચિત્રનું વિષયવસ્તુ આનો સંકેત કરે છે. જ્યારે બીજા ચિત્રોમાં રામચરિત માનસની ચોપાઈ, દોહા અથવા તેનો અંશ જેના આધારે ચિત્રકારે ચિત્ર બનાવ્યું છે તેને ચિત્રની ઉધ્વભૂમિ ઉપર લીપીબધ્ધ કરાયું છે. જેનાથી ચિત્ર રામચરિત માનસના આધારે બનાવાયું છે. તે સહેલાઈથી સમજી શકાય છે. કેટલાક ચિત્રોમાં માત્ર સંકેત છે. જ્યારે કેટલાક ચિત્રોમાં તેના પાનાના અંશોને ઉતારાયા છે. આ ચિત્રકલા મોગલ ચિત્રકલામાં પણ જોવા મળે છે. રાજપૂત ચિત્રકલામાં મોટાભાગે ચિત્રની ઉપર જ ચિત્રને સંદર્ભીત પદો રજૂ કરાયા છે. આ પરંપરા પહાડી રાજપૂત રાજ્યોમાં ચિત્રિત કરેલી

ચિત્રકલામાં અપનાવાઈ છે.

રાજપૂત ચિત્રકલાની એવી કોઈપણ શૈલી કે સ્થળ નથી જ્યાં તુલસીની રામકથા અથવા અન્ય રામકથાના અંશ નથી, ચિત્રાણ નથી. માળવા શૈલીનું ઈ.સ. ૧૬૩૫નું રામકથાનાં પ્રસંગને ચિત્રિત કરતું ચિત્ર આ પ્રકારે જોવા મળે છે.

ચિત્રમાં એકતરફ વાટિકા છે, બીજી તરફ એક ખુલ્લું ચાર સ્તંભો પર આધારિત મંદિર છે. જેમાં સીતા પોતાની સખીઓ સાથે બેઠી છે. વાટિકામાં આ ઉપરાંત રામ, લક્ષ્મણ, ગુરૂ વશિષ્ઠની સાથે ચિત્રિત કરાયા છે. ચિત્રનો વિસ્તાર મોટો છે. તેના વિસ્તૃત ખૂણામાં ઝાડ પાસે બે હરણોને પ્રસ્તુત કરાયા છે. આ ચિત્રાણ દ્વારા જે ઘટવાનું છે તેનો પૂર્વ સંકેત અપાયો છે. આ ચિત્રમાં ક્યાંય કોઈ સંદર્ભ જોવા મળતો નથી. પરંતુ ચિત્રના વાતાવરણથી પ્રતિત થાય છે કે તુલસીદાસના નીચે લખાયેલા દોહાઓને અંકિત કરાયા હશે. સીતા અને રામના પ્રથમ દર્શનની પૂર્વભૂમિકાના રૂપમાં ચિત્રિત કરાયા હશે.

समय सप्रैम विनीत अति, सकुच सहित दोऊ भाई ।
गुरु पद् पंकज नाई सिर, बैठे आयसु पाई ।।

बालकाण्ड, २२५

અને સીતાના ચિત્રાણમાં નીચેનો દોહો ચરિતાર્થ થાય છે.

एक सखी सिय संगु बिहाई । गई रही देखन फलुवाई ।।
तेहि दोऊ बंधु बिलोसे जाई । प्रेम बिवस सीता पहिं प्राई ।।

२२८-७-८

માળવા શૈલીના ઈ.સ. ૧૬૫૦માં બનેલા બે ચિત્રો રાષ્ટ્રીય સંગ્રહાલયમાં છે. તેમજ આજ સમય બીજા ૬૬ ચિત્રો રાષ્ટ્રીય સંગ્રહાલય દિલ્હીમાં મળી આવે છે. માળવા શૈલીના ચિત્રોમાં રામકથાના સંબંધિત અંશને લિપિબદ્ધ નથી કરાયા પરંતુ રામકથાને ચિત્રાણના રૂપે ચિત્રિત કરાઈ આ ચિત્રો કાવ્યમાં રહેલા રસ અને બોધને સમર્થ રીતે રજૂ કરે છે. ચિત્રોમાં વાતાવરણના અનુસાર રસની ઉત્પતી જોવા મળે છે. જેમ કે રાવણ સીતા સામો ભીખ માંગતો ચિત્રિત કરાયો છે. સાથે સાથે લક્ષ્મણ રેખાને ચિત્રિત કરી છે. તે એવી પ્રતિતિ કરાવે છે કે જાણે હમણાં જ લક્ષ્મણ અહીંથી ગયા છે અને સીતાજી લક્ષ્મણરેખાની બહાર નીકળીને દુષ્ટને ભીક્ષા દેવાના છે. ઉપરાંત તે દુષ્ટ સીતાને ઉપાડી લઈ જશે. પ્રેક્ષકોના મનમાં ઘટવાની ઘટનાની જાગૃતિ થાય છે.

બીજા ચિત્રમાં હનુમાનને રાક્ષસો સાથે લડતા ચિત્રિત કરાયા છે. ચિત્રમાં યુદ્ધનું વાતાવરણ પ્રસ્તુત કરાયું છે. જેનાથી વિરરસની ઉત્પત્તિ થાય છે.

બીજા ચિત્રમાં રામનું રૌદ્ર સ્વરૂપ જોવા મળે છે. રામ સમુદ્રની સામે બાણ તાકીને સમુદ્ર પાસે રસ્તે માગી રહ્યા છે.

વાનર રાક્ષસ યુદ્ધનાં ચિત્રમાં બીભત્સતા જોવા મળે છે. બીજા ચિત્રમાં સીતાનું શુદ્ધિકરણ જોવા મળતું. ચિત્તામાં સીતા બેઠેલી છે અને અગ્નિપરીક્ષા આપી રહી છે. આ ચિત્ર દ્વારા સમાજ સમક્ષ સ્ત્રીની પવિત્રતાનો આદર્શ રજૂ કરવા પ્રયત્ન કરાયો છે. તુલસીદાસે રામચરિત માનસમાં

સીતાના પાત્ર દ્વારા તે સમયની સ્ત્રીઓ સમક્ષ એક આદર્શ રજૂ કરવા પ્રયત્ન કરેલો છે.

ઈ.સ. ૧૬૫૦ના બૂંદિ શૈલીની મળેલી ચિત્રકથામાં રામચરિત માનસનો પ્રભાવ જોવા મળે છે. આ ચિત્રોમાં ભક્તિનો ભાવ વધુ જોવા મળે છે. રામ સપત્ની અયોધ્યાના સમારોહમાં આગળ વધે છે. આમાં ચિત્રકારની નજર સમક્ષ બુંદિના રાજાનો રાજસવારીનો સમારોહ રહેલો હશે. આ ઉપરાંત રામ અને તેના ભાઈ, તાડકા વધ, સુબાહુ વધ, અહલ્યા ઉધ્ધાર, કેવટ ઉધ્ધાર, સીતા સ્વયંવર, રામસીતા વગેરેના ચિત્રો પ્રેક્ષકોમાં ભક્તિભાવ જગાડે છે.

કોટા શૈલીની ચિત્રકથામાં રામ અને સીતાને વનમાં ચિત્રિત કરાયા છે. આ ચિત્રમાં પ્રકૃતિને વિશિષ્ટ મહત્વ અપાયું છે તે ઉલ્લેખનીય છે.

ઓચ્છાના લક્ષ્મી મંદિરમાં રામકથા ચિત્રિત છે. આ મંદિરમાં રામકથા ચિત્રિત છે. આ મંદિરનું નિર્માણ ૧૭મી સદીમાં થયું હતું. આ જ સમય દરમ્યાન આ મંદિરમાં ચિત્રો ચિત્રીત કરાયા છે. આ મંદિરને જહાંગીરના સમયમાં ઓચ્છા નરેશ વીરસિંહ દેવે બનાવ્યું હતું. વીરસિંહ દેવ પોતાના સમયનો ખૂબ સાહસિક, ચતુર, પ્રજા પ્રેમી રાજા હતો. તેના સમયમાં લક્ષ્મી મંદિરની છત્ત ઉપર પ્લાસ્ટર પર રામકથા ચિત્રિત કરાઈ છે. આ ચિત્રોમાં ઓચ્છાની સંસ્કૃતિની ઝલક જોવા મળે છે. આ ચિત્રોમાં કોઈ લિપિબદ્ધ ઉલ્લેખ નથી તેથી કહી શકાય નહીં કે વાસ્તવમાં આ ચિત્રાણ કેશવદાસની રામચંદ્રિકા અથવા તો રામચરિત માનસનું કે પછી વાલ્મીકી રામાયણનું ચિત્ર છે.

મેવાડ કલમમાં રામકથા માલાનું ચિત્રાણ છે. લગભગ ૧૬૬૬ના ૧૦૦ ચિત્રોનો સંગ્રહ રાષ્ટ્રીય સંગ્રહાલય-દિલ્હીમાં છે. આ બધા ચિત્રોમાં મેવાડનો સ્થાનિક વેશ જોવા મળે છે. આ ચિત્રોનો આધાર કોઈ રામલીલાનો રહ્યો હોય તેવું લાગે છે.

સામાન્ય રીતે રામકથાનું ચિત્રાણ બીકાનેર, જોધપુર, જયપુરમાં સમાન રીતે થયું છે જે ત્યાંના રાજાશાહી સંગ્રહાલયોમાં જોવા મળે છે.

રામકથાનું ચિત્રાણ તો બહુ સમયથી છે. પરંતુ રાજપૂત કલમમાં ચિત્રો મળવાનું શરૂ થાય ત્યારે રામકથાનાં ચિત્રાણની પરંપરા મળી આવે છે. જે સમયની સાથે દરેક જગ્યાઓ ઉપર ક્યાંક ને ક્યાંક ચિત્રિત થયેલી જોવા મળે છે. આ કથાના ચિત્રાણમાં કલાકારો વ્યક્તિગત રીતે સ્વતંત્ર જોવા મળે છે. તેઓએ આ ચિત્રો રચ્યા અને તેને ભક્તો સુધી પહોંચાડ્યા છે.

રાજપૂત પહાડી રાજ્યોમાં વધુ કરીને રામચંદ્રિકાનું ચિત્રાણ જોવા મળે છે. આ ચિત્રોમાં બધી જ મુખ્ય ઘટનાઓ ચિત્રમાં છે. આ ચિત્રો રાજપૂત કલાશૈલી કરતા વધુ સુઘડ છે. માનવ આકૃતિ, વાસ્તુ, અને પ્રકૃતિ બધું જ શ્રેષ્ઠ રૂપમાં છે. ઉ.દા. લંકા યુદ્ધનું ચિત્ર. ઉદાહરણ તરીકે જમ્બુ શૈલીમાં મળી આવેલા ત્રાણ ચિત્રો જોઈ શકાય છે. લંકા યુદ્ધનું ચિત્ર આ ચિત્રમાં બે ભાગ જોવા મળે છે. જેના એક ભાગમાં રાવણના અસુર સૈનિક યુદ્ધભૂમિ તરફ જતા જોવા મળે છે. તેના બીજા ભાગમાં રામવનનાં વેશ પ્રકૃતિ વચ્ચે બેસીને વાનર અને રીંછોના દળની વચ્ચે પોતાના સરદારોની સાથે મંત્રાણા કરતા દેખાડાયા છે. બીજા ચિત્રમાં અશોક વાટીકામાં સીતા અસુર સ્ત્રીઓ અને રાવણ દ્વારા સમજાવતા ચિત્રીત કરાઈ છે. તેના પછીના ચિત્રોમાં રાવણના સૈનિકો લાંબા યુદ્ધની વ્યથાથી વ્યાકુળ રાવણના દરબારમાં યુદ્ધના વેશમાં ઉભા છે. સૈનિકોના સરદારો રાવણને યુદ્ધથી પરિચિત કરાવે છે. આમાં બીજું ચિત્ર તુલસીની નિમ્નલિખિત ચૌપાઈની આકૃતિ રજૂ કરતું લાગે છે.

चलेउ निसाधर केटकु अपारा । चतुरंगीनी अनी बहु धा ।
बिबिध भाँति बाहन रथ जाना । बिपुल बरन पताक ध्वज नाना ।
चले मत्त गज जूथ घनेरे । प्रलय जलद मारुत जनु प्रेक्ष ।

लंका काण्ड, ७

આ ત્રણે ચિત્રો એક જ ચિત્રકારની કલમ છે. પણ આગળ ચિત્ર કેશવદાસની રામચંદ્રીકાનું પ્રતિત થાય છે. જ્યારે પાછલું ચિત્ર તુલસીદાસના રામચરિત માનસનું પ્રતિત થાય છે.

રાજપૂત પહાડી કલમના ચિત્રશૈલીઓનો વિકાસ રાજાઓના પ્રોત્સાહનથી થયો છે. તથા વ્યક્તિગતરૂપે ચિત્રકારોએ રામકથાનું ચિત્રાણ કરેલું છે. આ ચિત્રાણોમાં સંપૂર્ણ રામાયણ લીપીબધ્ધ ચિત્રાણ થયેલું છે. આ ઉપરાંત રામાયણની ચિત્રિત પોથીઓ જોવા મળે છે. તુલસીદાસનાં રામચરિત માનસની ચિત્રિત પોથી જોધપુર અને બીકાનેરમાં જોવા મળે છે.

આ બધાં પરથી એમ કહી શકાય છે કે તુલસી પ્રત્યક્ષરૂપે રાજપૂત ચિત્રકલાશૈલીથી પ્રભાવિત રહ્યા હશે એવું નથી. પરંતુ તુલસીએ પરિસ્થિતિઓથી પ્રભાવિત રહ્યાં છે. જે પરિસ્થિતિથી રાજપૂત ચિત્રકલાશૈલી પ્રભાવિત રહી છે. અહિં કહી શકાય કે ભક્તિની શરૂઆત સંતોએ કરી આ ભક્તિને સામાન્ય લોકો સુધી પહોંચાડી અને આ જ ભક્તિ સમાજના દરેક વર્ગમાં પહોંચી જેનો પ્રભાવ કલા પર પડેલો જોવા મળે છે.

Reference :

* R. P. Tiwari Bharatiya Chitrakala - Bharatiya Publishing House, New Delhi-1973.
* W. G. Archer - Indian Paintings.
* W. G. Archer - Indian Paintings in Bundi and Kota.

❑❑❑

BHAKTI MOVEMENT AND LITERATURE, A CASE STUDY OF AKKAMADEVI'S VACHANAS

Dr. (Ms.) Surekha Sawant

One way of looking at Bhakti-movements is to see them as a counter system, opposed to classical marks for His beauty and orthodox systems, like caste, gender or idea of God. Bhakti movement is also a social movement. We should not forget that all sorts of human experiences are cast in religious idioms. The first bhakti movement began in Tamil, around the fifth or sixth century. Till then all religious composition was in Sanskrit or Pali etc.

Sanskrit was considered as the tongue of the father figures, the Brahmins, the patriarchs, the male elders of the community. "Every regional Bhakti movement, specially in the south, has at least one outstanding woman in it. She is usually considered on par with and often superior to the men both in her devotion and in her poetry."[1] Quite a few women, must have known Sanskrit. We cannot find any religious poetry in regional language till the fifth century.

All the family relationships become part of the Bhakti repertoire. God becomes mother, father, child or lover not just a lord or master.

Bhakti is like a fuse that is lit moving from region to region, language to language, as the dialects acquire written literary forms. It spreads from Tamil to Kannada to Marathi and Hindi. Bhakti movement might not have begun with the poor and the lowly, but soon it began to enlist peoplefrom all castes and occupations. "Some of the most famous women saints like Mahadevi & Meera come from the upper classes." [2]

As said earlier, every regional bhakti movement particularly in the south, has atleast one outstanding woman in it. In Virashaiva movement, nearly 60 of the 300 saints (20%) are women and Akkamadevi is one of them. Nearly a thousand poems are a treasure of good thoughts on veershaiva its teaching and philosophy." [3]

Before going into the details about Akkamadevi I would like to write a breif introduction of Virshaivism, of which Akkama was a follower.

